**સુવિચાર**
જેની ઉપસ્થિતિમાં મન શાંત થવા માંડે મનની સમસ્યાઓ ઓછી થવા માંડે એ જ તમારા ગુરૂ છે.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૦/૦૭/૨૦૨૪, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ અષાઢ સુદ-૪ વર્ષ : ૧૫ અંક : ૧૭૮

ઈમરજન્સી સારવાર
૨૪x૭ કલાક ઈમરજન્સી સારવાર
હૃદયરોગ - બીપી
શ્વાસ - દમ - ન્યુમોનિયા
પક્ષઘાત - પેરાલીસીસ - આંચકા
પોઈઝન - સર્પદંશ
ડાયાબિટીસ - કીડની - લીવરની તકલીફ વગેરે
ડૉ. રાજન કકૈયા (એમ.ડી.)
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૨૩, ૯૯૭૮૨ ૨૩૦૦૦ ઈમરજન્સી હેલ્પ લાઈન : ૯૯૭૮૨ ૯૩૦૦૦

## છેલ્લા 3 દિવસથી અસહ્ય ઉકળાટ વચ્ચે શહેરીજનોમાં રાહત

# અમરેલી પંથકમાં સમી સાંજે ધોધમાર વરસાદ શરૂ

**વડિયા પંથકમાં સામાન્યથી લઈને સાડા ત્રણ ઈંચ વરસાદ પડતા જગતાત ગણાતા ખેડૂતો ખૂશ**

**ધારી પંથકમાં પણ વરસાદ પડતા સૌ કોઈ ખૂશીથી ઝુમી ઉઠયા**

**લાઠી, ખાંભા, જાફરાબાદ અને રાજુલા પંથકમાં પણ ધોધમાર વરસાદ**

**અમરેલીનાં ટાવર ચોક સહિતનાં વિસ્તારોમાં પાણી ભરાયા**



અમરેલી, તા.૯
અમરેલી જિલ્લામાં આજે ફરી વરસાદના મંડાણ થતાં અમરેલી શહેર સહિત જિલ્લામાં મેઘો મુશળધાર થવા પામેલ છે.
અમરેલી શહેરમાં આજે સવારથી જ ભારે ઉકળાટ રહયા બાદ સાંજના સમયે ધોધમાર વરસાદ શરૂ થયો હતો. થોડીવારમાં તો અમરેલી શહેરમાં તથા ટાવર ચોક પાણી પાણી થઈ જવા પામેલ હતો. જયારે નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાતાં અફડા તફડી મચી જવા પામી હતી. અમરેલી તાલુકાના લાપાળીયા, દેવભૂમિ દેવળીયા અને ગોખરવાળા ગામમા ધોધમાર વરસાદ પડયો હતો.
વડીયા પંથકમાં કડાકા ભડાકા સાથે વરસાદ પડયો હતો. વડીયા તાલુકાના લુણીધાર ગામે ધોધમાર સાડા ત્રણ ઈંચ વરસાદ ખાબકયો હતો જયારે વડીયાના દેવગામ, જીથુડી, લુણીધાર ગામે પણ મેઘો મુશળધાર વરસ્યો હતો. જેને લઈ દેવગામ, જીથુડી, લુણીધાર ગામની બજારોમાં પાણી ભરાયા હતા. જયારે જીથુડીની સ્થાનિક નદીમાં પૂર આવતા વાહનો ફસાય જતાં સ્થાનિક લોકોએ જહેમત ઉઠાવીને વાહનોને પૂરના પાણીમાંથી બચાવ્યા હતા. જયારે વડીયાના અરજણ સુખ, ખાખરીયા, મોરવાડા, ખાન ખીજડીયા ગામમાં મેઘરાજા મહેરબાન થયા હતા.
ધારી પંથકમાં એક

**અનુસંધાન પાના ૬ ઉપર**

### પત્નીનું એક વર્ષ પહેલા અવસાન થયેલ

## બાબરાનાં લોનકોટડા ગામનાં યુવકે પત્નીનાં વિયોગમાં ઝેરી દવા પી લીધી

**મયુર વાડદોરીયાનું સારવાર દરમિયાન મોત**

અમરેલી, તા. ૯
બાબરા તાલુકાના લોનકોટડા ગામે રહેતા મયુર અરજણભાઈ વાડદોરીયા નામનાં ૨૧ વર્ષિય યુવકની પત્નિ એક વર્ષ પહેલા દવા પીને આપઘાત કરેલ હોય. જે બાબતે યુવક ઉદાસ રહેતો હોય અને ગઈ કાલે લોનકોટડા ગામે કમલેશભાઈ સાયઝાની વાડીયે યુવકે કપાસમાં છાંટવાની જંતુનાશક દવાનો છંટકાવ કરતો હોય અને પોતાની પત્નિના મોતના કારણે લાગી આવતા પોતે પોતાની મેળે જંતુનાશક દવા પી લેતા સારવાર દરમ્યાન મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### ઘણા દિવસનાં વિરામબાદ મેઘાની પધરામણી

## બગસરામાં 3 ઈંચ વરસાદથી ઠેક ઠેકાણે ગોઠણડુબ પાણી ભરાયા

**વાહન ચાલકોને ભારે પરેશાની ભોગવવી પડી**



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૯, વિગત અનુસાર બગસરામાં ઘણા દિવસના વિરામ બાદ આજે સવારથી સાંજ સુધીમાં ત્રણ ઈંચ વરસાદ પડતા ખેડૂતોમાં ખુશી છવાઈ હતી તેમજ લોકોએ રાહતનો ાસ લીધો હતો અસહ્ય બફારા બાદ આજે સવારથી જ ધીમીધારે વરસાદ પડવાની શરૂઆત થઈ ગઈ હતી ત્યારે બપોર બાદ ફક્ત બે કલાકમાં બે ઈંચ વરસાદ પડતા લોકોમાં ખુશીની લહેર છવાઈ ગઈ હતી જયારે નીચાણ વાળા વિસ્તાર જેવા કે કુકાવાવ નાકા થી પોલિશ સ્ટેશન સુધી ગોઠણડૂબ પાણી ભરાય ગયા હતા જેના હિસાબે વાહન ચાલકોને ભારે હાલાકી નો સામનો કરવો પડ્યો હતો ગોંડલીયા ચોક શાક માર્કેટ ખાડીયા વિસ્તાર સહિત નીચાણ વાળા વિસ્તારોમાં પાણી ભરાયા આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં પણ વરસાદ વરસ્યો હતો.

### જિલ્લાનાં કૂવાઓ બાળકો અને વન્ય પ્રાણીઓ માટે જોખમી બન્યા

## અરેરાટી : બાબરાનાં વલારડીમાં ૧૦૦ ફૂટ ઉંડા કૂવામાં પડી જવાથી બાળકીનું કમકમાટીભર્યુ મોત નિપજયું

**ફાયર વિભાગે ઘટના સ્થળે દોડી બાળકીનો મૃતદેહ બહાર કાઢયો**

પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રધ્ધાસુમન



સ્વ. અમૃતલાલ રામભાઈ મહેતા
સ્વ. તા. ૧૦-૦૭-૨૦૨૩ : મુ. ધારી
પરોપકાર અને સમાજસેવા જેના વ્યક્તિત્વનાં અભિન્ન ગુણો હતા, ધૈર્ય અને સમજણ જેના જીવનમાં સહજભાવે વણાયેલા હતા, પરિવાર અને સમાજનું હિત જેના હૃદયમાં હતું તેવું આપનું ઉમદાજીવન અમારા માટે પ્રેરણાદાયક બની રહેશે. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...
લી.
ગં.સ્વ. મંજુલાબેન અમૃતલાલ મહેતા
ડો.રાજેશકુમાર એ. મહેતા (પુત્ર-સુરત)
ડો.મયુરકુમાર એ. મહેતા (પુત્ર-ઓસ્ટ્રેલીયા)
રવિન્દ્રકુમાર બી. જોષી (જમાઈ-રાજુલા)
મૈત્રી આર. જોષી (ભાણેજ)
પુર્વ આર. જોષી (ભાણેજ)
ઈશિત્વ આર. મહેતા (પૌત્ર)
વંદનાબેન આર. મહેતા (પુત્રવધુ)
આરતીબેન એમ. મહેતા (પુત્રવધુ)
ભગવતીબેન આર. જોષી (પુત્રી)
મનાંસી આર. મહેતા (પૌત્રી)
દ્વિપ્ના એમ. મહેતા (પૌત્રી)
શ્લોક એમ. મહેતા (પૌત્ર)
જય સીયારામ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૯
બાબરાનાં વલારડી ગામનાં ૧૦૦ ફુટ ઉડા કૂવમાં બાળક અકસ્માતે પડી જતા તેમનું કમકમાટીભર્યુ મોત થતાં નાના એવા ગામમાં શોકનો માહોલ છવાયો છે. વિગત એવા પ્રકારની છે કે, વલારડી ગામનાં લાલજીભાઈ

**અનુસંધાન પાના ૬ ઉપર**

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
63,990/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૦૯/૦૭/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

## પર્યાવરણપ્રેમી ગોપાલભાઈ વસ્તરપરાનો પાંચ લાખ વૃક્ષોનાં વાવેતરનો સંકલ્પ

# ચમારડીમાં ૬૦ હજાર બાદ વધુ ૬૦ હજાર રોપાનું વિતરણ શરૂ

**જિલ્લાભરની નર્સરીઓ કે અન્ય સ્થળોએથી ઘરનાં પૈસે વિવિધ વૃક્ષોનાં રોપા ખરીદ કરી રહ્યા છે**

**દરરોજ રાધે ફાર્મ ખાતેથી ઘટાદાર વૃક્ષોનાં રોપાનું અવિરત વિતરણ થઈ રહ્યું છે**

**આગામી ર મહિનામાં પાંચ લાખ જેટલા વૃક્ષોનાં રોપાનું વિતરણ કરવાનાં સંકલ્પ સાથે આગળ વધી રહ્યા છે**

**જુદા–જુદા વિસ્તારમાંથી પર્યાવરણપ્રેમી યુવાનો હોંશે હોંશે રોપા લેવા માટે પધારી રહ્યા છે**






અમરેલી, તા. ૯

બાબરાનાં ચમારડીનાં વતની અને સુરત સ્થિત ઉદ્યોગપતિ અને પર્યાવરણપ્રેમી ગોપાલભાઈ વસ્તરપરાનાં ચમારડી ખાતે આવેલ "રાધે ફાર્મ" ખાતેથી દરરોજ હજારો વૃક્ષોનાં રોપાનું વિનામૂલ્યે વિતરણ શરૂ છે અને આગામી ર મહિનામાં પાંચ લાખ રોપાનું વિતરણ કરવાનાં સંકલ્પ સાથે તેઓ આગળ વધી રહ્યા છે.

પર્યાવરણપ્રેમી ગોપાલભાઈએ તેમનાં ૬૦માં જન્મદિને ૬૦ હજાર રોપાનું વિતરણ કરવાનો સંકલ્પ લીધેલ. જે પૂર્ણ થયા બાદ તેઓએ વધુ ૬૦ હજાર રોપાની ખરીદી જિલ્લાભરની નર્સરીઓમાંથી સ્વખર્ચે કરી છે અને દરરોજ રોપાનું વિતરણ કરી રહ્યા છે.

તેઓએ તેમની ૬૦ વર્ષની જીંદગીમાં ૫૦ હજાર કરતાં વધારે વૃક્ષોનો ઉછેર વ્યકિતગત રીતે કરીને જબરદસ્ત કામ કર્યુ છે અને તેઓ વધુ પાંચ લાખ વૃક્ષોનો ઉછેર થાય તે માટે પ્રયત્નશીલ બન્યા છે.

અમરેલી જિલ્લાનાં અનેક રાજકીય આગેવાનો માત્ર પર્યાવરણ બચાવવાની હાંકલ કરી રહ્યા છે પરંતુ કોઈએ ૫૦૦ વૃક્ષ સ્વખર્ચે વાવીને તેનો ઉછેર કર્યો હોય તેવું જાણવા મળેલ નથી.

### એજન્ડા વગરનો સવાલ આવી ગયો

## લ્યો બોલો : સાવરકુંડલામાં વ્યાજખોરીને બદલે આગેવાનોએ દારૂનું દુષણ બંધ કરવા માંગ કરી

**જો કે સ્થાનિક પીઆઈએ કડક કાર્યવાહીની ખાત્રી આપી**

સાવરકુંડલા, તા. ૯

પોલીસ તંત્ર દ્વારા વારે, તહેવારે કે કોઈ ખાસ પ્રકારના ક્રાઈમ વધી જાય ત્યારે પોલીસ મથક ખાતે લોક દરબારનું આયોજન કરવામાં આવતું હોય છે અને શહેરના આગેવાનોના સલાહ સૂચન મેળવાતા હોય છે. જોકે મોટાભાગના લોક દરબાર કે શાંતિ સમિતિની મિટિંગમાં આગેવાનો હાજર હોય છે પણ કોઈ ખાસ રજુઆત કરવામાં આવતી નથી. તેથી સબ સલામતના રિપોર્ટ ઉપલી કચેરીને મોકલી દેવાતા હોય છે. પરંતુ તાજેતરમાં રાજય વ્યાપી ચાલી રહેલી વ્યાજખોર વિરૂદ્ધની ઝુંબેશના ભાગરૂપે સાવરકુંડલા શહેર પોલીસ મથકમાં પણ પી.આઈ. ડી.કે. વાઘેલાએ એક લોક દરબારનું આયોજન કર્યુ હતું. જેમાં વ્યાજખોરોથી ત્રસ્ત લોકો રજૂઆત કરવા આવશે તેવી ધારણા હતી. પરંતુ પોલીસ તંત્રની ધારણા પ્રમાણે વ્યાજખોરોથી ત્રસ્ત એક પણ અરજદાર રજૂઆત કરવા આવ્યો નહોતો ઊલટું જે જે આગેવાનોને આમંત્રિત કરીને લોક દરબારમાં હાજરી આપવા બોલાવ્યા હતા તેમાંથી કેટલાક આગેવાનોએ સાવરકુંડલા શહેરમાં વેચાતા દેશી, વિદેશી દારૂ અને શહેરના મેઈનબજાર, દેવડા ગેઈટ જેવા વિસ્તારમાં માદક દ્રવ્યોનો નશો કરી પડયા પાથર્યા રહેતા તેઓ વિરૂદ્ધ રજૂઆત કરી હતી. લોકદરબારમાં અપેક્ષા બહારની રજુઆત આવી પડતા આગેવાનો અને અધિકારીઓ અચંબામાં પડી ગયેલા. આમા એક અરજદારે તો માર્મિક રીતે એવી પણ રજુઆત કરી હતી કે કદાચ દારૂનું દૂષણ સાવ બંધ ન થઈ શકે એમ હોય તો શહેરીજનોને અડચણરૂપ ન થાય તેવા દૂરના વિસ્તારમાં આવા તત્વોને ખસેડવા જોઈએ . જોકે પી.આઈ. વાઘેલાએ આવી પ્રવૃત્તિ બંધ કરાવવા પગલા લઈશું તેમ ઉપસ્થિત આગેવાનોને જણાવ્યું હતું.

## દામનગર પંથકમાં ઓછા વરસાદને કારણે કુંભનાથ તળાવમાં નહિવત પાણી

દામનગર, તા. ૯

દામનગર શહેરનું સૌથી રમણીય અને ફરવાલાયક તેમજ પ્રાચીન શ્રી કુંભનાથ મહાદેવ મંદિરને અડીને આવેલ કુંભનાથ તળાવ ૧૨૦ વર્ષ પહેલા પડેલ દુષ્કાળમાં રાજા સયાજીરાવ ગાયકવાડ સરકારે (ત્રીજા.) રૈયતને કામ અને રોજગારી મળી રહે એવા હેતુથી બનાવેલ આ વિશાળ તળાવમાં આ ચોમાસાની મૌસમમાં ઉપરવાસનાં વિસ્તારોમાં વરસાદ ખૂબ જ ઓછો થવાથી નહિવત પાણી છે. માત્ર કહેવા પૂરતી પાણી છે. લોકો આ તળાવ ભરાઈ જાય એવી પ્રાર્થના કરી રહ્યા છે.



શ્રી કુંભનાથ તળાવ,દામનગર.

### સરકારની સહાય દ્વારા જિલ્લાનાં 3 હજારથી વધુ લાભાર્થીઓ લાભાન્વિત થયા

## અમરેલી જિલ્લાનાં ખેડૂતો બાગાયતી ખેતીની સાથે ગાય આધારીત પ્રાકૃતિક ખેતીને પ્રાધાન્ય આપી રહ્યાં છે

**પાક સહાયની વિવિધ યોજનાઓ થકી બાગાયતી ખેતીને પ્રોત્સાહન મળ્યું**

અમરેલી, તા. ૯

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનાં સહાયનાં પગલે આઝાદીનાં અમૃત મહોત્સવ અંતર્ગત દેશમાં પ્રાકૃતિક ખેતીનું અભિયાન શરૂ છે. રાજયમાં પ્રાકૃતિક ખેતીને વેગ આપવા માટે રાજયપાલ આચાર્ય દેવવ્રતજીનાં માર્ગદર્શનમાં ખેડૂતોને ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી સાથે જોડવા માટે વિશેષ અભિયાન અપનાવવામાં આવ્યુ છે, ત્યારે અમરેલી જિલ્લા પણ પ્રાકૃતિક ખેતીની પહેલને બહોળા પ્રમાણમાં પ્રતિસાદ મળી રહ્યા છે. જિલ્લાનાં અનેક પ્રગતિશીલ ખેડૂતો હવે ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી તરફ વળ્યા છે. જેમાં ખેડૂતો બાગાયતી પાકોનું પણ વાવેતર કરી રહ્યા છે.

અમરેલી જિલ્લામાં સંકલિત બાગાયત વિકાસ યોજના અને નેશનલ હોર્ટિકલ્ચર મિશન અંતર્ગત વર્ષ ૨૦૨૩–૨૪કમાં બાગાયત પાક સહાય વિવિધ ઘટકમાં કુલ મળીને રૂ. ૪,૧૯,૨૦,૮૨૩ સહાયની ચૂકવણી ખેડુતોને કરવામાં આવી છે. સરકારની સહાય થકી જિલ્લાનાં ૧૧ તાલુકાના કુલ મળીને ૩૬૬૮ લાભાર્થીઓ લાભાન્વિત થયા છે. જિલ્લાનમાં બાગાયતી ખેતી કરવા ખેડૂતોએ કમલમ ફળ (ડ્રેગનફ્રુટ) વાવેતર સહાય કાર્યક્રમ, જુના બગીચા નવીનીકરણ, મસાલા પાક, સ્વરોજગારલક્ષી બાગાયતી નર્સરી વિકાસ કાર્યક્રમ, કેળ (ટીસ્યુ) ધનિષ્ઠ ખેતીથી વાવેતર કરવામાં આવેલ ફળ પાકો જેમ કે, આંબા જામફળ વગેરે માટે સહાય, બાગાયત પેદાશની પોસ્ટ હાર્વેસ્ટ મેનેજમેન્ટ અંતર્ગત પેકિંગ મટીરીયલ્સમાં સહાય, ટીસ્યુકલ્ચર ખારેકની ખેતીમાં સહાય, નારિયેળી વાવેતર વિસ્તાર સહાય સહિતના ઘટકમાં સહાય પ્રાપ્ત કરી છે.

અમરેલી નાયબ બાગાયત નિયામક જયરાજસિંહ વાળાએ જણાવ્યુ કે, રાજય સરકારની બાગાયત પાક સહાયની વિવિધ યોજનાઓ થકી જિલ્લામાં બાગાયતી ખેતીને પ્રોત્સાહન મળ્યુ છે અને વાવેતર વિસ્તારમાં નોંધપાત્ર વધારો થયો છે.

ઉલ્લેખનીય છે કે, જિલ્લાનાં બાગાયતી ખેતી કરતા અમરેલી તાલુકાના ૨૫૯ લાભાર્થીને કુલ રૂ. ૧૯,૨૭,૭૦૫, અમરેલી શહેના ૧૩૬ લાભાર્થીને કુલ રૂ.૩,૭૧,૪૦૦, કુંકાવાવ–વડીયા તાલુકાના ૮૦૩ લાભાર્થીને કુલ રૂ.૬૫,૭૯,૧૯૦, ખાંભા તાલુકાના ૨૧૫ લાભાર્થીઓને કુલ રૂ.૪૨,૩૯,૨૯૬, જાફરાબાદ તાલુકાના ૭૨ લાભાર્થીને કુલ રૂ.૧૨,૫૬,૧૮૧, ધારી તાલુકાના ૫૪૩ લાભાર્થીને કુલ રૂ. ૧,૧૩,૩૯,૬૧૭, બગસરા તાલુકાના ૨૭૭ લાભાર્થીને રૂ.૨૭,૬૪,૪૯૨, બાબરા તાલુકાના ૨૫૧ લાભાર્થીને રૂ.૨૨,૪૬,૫૬૩, રાજુલા તાલુકાના ૧૪૬ લાભાર્થીને રૂ.૩૦,૯૮,૯૩૯, લાઠી તાલુકાના ૧૩૫ લાભાર્થીને રૂ.૨૧,૮૨,૫૧૭, લીલીયા તાલુકાના ૬૩ લાભાર્થીને રૂ.૨,૦૬,૫૬૪, સાવરકુંડલા તાલુકાના ૩૦૬ લાભાર્થીને રૂ.૫૭,૦૮,૩૫૯ આમ કુલ મળીને રૂ.૪,૧૯,૨૦,૮૨૩ સહાય રકમની ચૂકવણી કરવામાં આવી છે.

### ધારીની સેશન્સ કોર્ટમાં કેસ ચાલી જતાં

## ચલાલા પો.સ્ટે.નાં પોકસો એકટનાં ગુન્હાનાં આરોપીનો નિર્દોષ છુટકારો

**બચાવ પક્ષે વનરાજભાઈ વાળાની દલીલો માન્ય રહી**

ચલાલા, તા. ૯

ચલાલા પો.સ્ટે.માં પોકસો કલમ, ૧૦,૧૮ આઈપીસી ૩૨૩, ૩૫૪, ૫૦૪, ૫૦૬, ૧૧૪ વિગેરે મુજબના ગુન્હાની ફરીયાદ દાખલ કરવામાં આવેલ ત્યારબાદ આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ ત્યારબાદ ધારીનાં એડિશ્નલ સેશન્સ જજ એમ.એન. શેખ સમક્ષ કેસ ચલાવવામાં આવેલ અને ફરીયાદ પક્ષ દ્વારા કેસ સાબિત કરવા ઘણી લેખીત મૌખિક પુરાવાઓ રજુ કરવામાં આવેલા જેમા આ કેસમાં આરોપી તર્ફે




ધારીના સિનિયર એડવોકેટ વનરાજભાઈ એ. વાળા તથા અશ્વિનભાઈ કે. ચૌહાણ રોકાયેલા હતા આ કેસમાં આરોપીના એડવોકેટ વનરાજભાઈ એ. વાળા તથા અશ્વિનભાઈ કે. ચૌહાણની ધારદાર દલીલોને ધ્યાને લઈ ધારીના એડી. સેશન્સ જજ એમ.એન. શેખ દ્વારા આરોપીઓ નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરવામાં આવેલ છે.

## અમરેલીનાં સહકારી અગ્રણી દિલીપ સંઘાણીએ અમેરિકામાં બેઠક સંબોધી






સંયુકત રાષ્ટ્ર દ્વારા આગામી વર્ષ–૨૦૨૫ને "રાષ્ટ્રિય–આતંરરાષ્ટ્રી ય સહકારી વર્ષ" તરીકે ઘોષિત કરવામાં આવેલ છે. ન્યુયોર્ક ખાતે યોજાયેલ આઈ.સી.એ.ની. મીટીંગમાં દિલીપ સંઘાણી સહિતના પ્રતિનિધિ મંડળ ઉપસ્થિત રહેલ. મીટીંગને સંબોધતા સંઘાણીએ વધુમાં જણાવેલ કે, વિકાસશીલ યોજનાઓ સાથે કામ કરી રહેલ સહકાર તાલીમ, યોજનાઓનું અમલીકરણ, જન જાગૃતિ સેમિનાર વિગેરેને વૈશ્વિકસ્તરે મૂકવા અને તેની આપૂર્તિ માટે વર્તમાન અને ભાવિ આયોજનો અનેક દેશોના પાટનગર દિલ્હી ખાતે આગામી ૨૫–નવેમ્બરના રોજ યોજનાર હોઈ. આઈ.સી.એ.ની મીટીગમાં ઉપસ્થિત (યુ.એન.) યુનાઈટેડ નેશનના વર્લ્ડ લીડરોને નિમંત્રણ પાઠવેલ છે. વિકાસ સાથે સહકારી ક્ષેત્રે પણ હરણફાળ ભરી છે ભારતના યજમાન પદે નવી દિલ્હી ખાતે આગામી ૨૫ થી ૩૦ નવેમ્બર ૨૦૨૪ ના રોજ ઈન્ટરનેશનલ ગ્લોબલ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવેલ છે અનેક વિકાસની કેડી કંડારશે સહકાર દ્વારા વિવિધ ક્ષેત્રોએ વિકાસ અને રોજગારીની નવી આશાઓને મૂર્તિમત કરવા જરૂરી પ્રયાસો આગળ ધપાવવા અનેક સહકારી આગેવાનોની શુભેચ્છા મુલાકાત લઈ આવશ્યક વિચાર વિમર્શ કરશે, એમ્બેસેડર, આર.રવિન્દ્ર, આઈસીએના અધ્યક્ષ ડો.એરીયલ ગુઆકો, આઈસીએ–એપીના પ્રમુખ ડો. ચંદ્રપાલ યાદવ, ડો. બિજેન્દ્રસિંહ, ગુજરાત મહિલા ક્રેડીટ સોસાયટીના પ્રમુખ ગીતાબેન સઘાણી અને અન્ય મહાનુભવો ઉપસ્થિત રહ્યા હતા. દેશનું સહકારી માળખુ વિકાસશીલ યોજનાઓ સાથે અગ્રેસર બની રહયાનું કાર્યાલયની અખબારી યાદીમાં જણાવાયું છે.

### ચીફ ઓફિસર અને કલેકટર કચેરીએ આવેદનપત્ર પાઠવીને

# અમરેલી ખાતે જિલ્લાભરનાં સફાઈ કામદારોએ ન્યાય માંગ્યો

**સફાઈ કામદારોને કાયમી નોકરી આપવા સહિતની સુવિધાની માંગ કરવામાં આવી**

**૧૭૮ સફાઈ કામદારોને ફરજ પર પરત લેવાની પણ માંગ કરવામાં આવી**

**શહેરમાં સફાઈમાં ચાલતી કોન્ટ્રાકટ પધ્ધતિ બંધ કરવાની પણ માંગ**

**૧૫ દિવસમાં માંગ પૂર્ણ ન થાય તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનની ચીમકી**



અમરેલી, તા. ૯

અમરેલી ખાતે આજે જુદા-જુદા તાલુકા મથકે સફાઈની કામગીરી કરતાં કર્મચારીઓએ મોટી સંખ્યામાં એકત્ર થઈને ચીફ ઓફિસર અને કલેકટર કચેરીએ આવેદનપત્ર પાઠવીને વિવિધ માંગ રજૂ કરીને ૧૫ દિવસમાં માંગ પૂર્ણ ન થાય તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી આપવામાં આવેલ છે.

આવેદનપત્રમાં જણાવેલ છે કે, અમરેલી નગરપાલિકામાં કામ કરતા ૧૭૮ સફાઈ કામદારોને છૂટા કરવામાં આવેલ છે તેને પરત લેવામાં આવે., અમરેલી નગરપાલિકામાં વર્ષોથી ફરજ બજાવતા રોજમદારોને પ્રથમ પ્રાયોરિટી આપીને કાયમી કરવામાં આવે., અમરેલી નગરપાલિકા ધ્વારા પૂરા શહેરમાં કોન્ટ્રાકટ પ્રથાથી સફાઈ કામગીરી કરવામાં આવે છે તો સુપ્રીમ કોર્ટની ગાઈડલાઈનનું ઉલ્લંઘન અમરેલી નગરપાલિકા ધ્વારા કરવામાં આવે છે. આવશ્યક સેવા એટલે રોજ જરૂરિયાતવાળા વિસ્તાર અને ખાસ કરીને શહેરી વિસ્તારમાં કોન્ટ્રાકટ પ્રથા વેઠ પ્રથા બંધ કરીને સીધા કામદારોને લઘુત્તમ વેતન મુજબ સમાવેશ કરવામાં આવે., અમરેલી નગરપાલિકા ધ્વારા સફાઈ કામદારોને લઘુત્તમ વેતન ચુકવવામાં આવતું નથી અને સરકારનાં વખતોવખતના પરીપત્રો મુજબ લઘુત્તમ વેતન ચુકવવામાં આવે., અમરેલી નગરપાલિકા ધ્વારા રેગ્યુલર પગાર ચુકવવાની માંગ સાથે ૧ થી ૧૦ તારીખ સુધીમાં સફાઈ કામદારોને પગાર ચુકવવા અપીલ કરવામાં આવે છે., અમરેલી નગરપાલિકા ધ્વારા વસ્તી વિસ્તાર મુજબનું ચાલું નોકરી દરમિયાન અવસાન થાય તો સરકારનાં પેટા પ્રશ્નો મુજબ ૯૦ દિવસમાં ફિકસમાં ભરતી કરવામાં આવે તેમ અંતમાં જણાવેલ છે.

### પૂર્વ સરપંચ દ્વારા ઉમદા કાર્ય

## સા.કુંડલા : વીજપડી ખાતે શાળામાં પ્રવેશ કરનાર બાળકોને પ્રોત્સાહિત કરાયા

**સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યા**



સાવરકુંડલા, તા. ૯

સાવરકુંડલા તાલુકાના વીજપડી ગામે સરકારી પ્રાથમિક શાળામાં વીજપડી વિકાસ સમિતિનાં ઉપક્રમે પૂર્વ સરપંચ સંપૂર્ણ સહયોગથી નવા પ્રવેશ પામેલા બાળકોને પ્રોત્સાહિત કરવા દસ હજારથી વધુ રકમની શૈક્ષણિક કીટ તથા મીઠાઈ વિતરણ કરવામાં આવેલ. તા. ૯/૭/૨૪ ને મંગળવારનાં યોજાયેલ સાદા કાર્યક્રમમાં દફતર, સ્લેટ, સંચો, રબ્બર, પેન્સિલ, ટુથબ્રશ, ટુથ પેસ્ટ, બુક વગેરે વિતરણ વિતરણ કરવામાં કાર્યકરો દિલીપભાઈ વાઘેલા તરફથી એક સો બુક તથા સુન્ની મુસ્લિમ જમાતનાં પૂર્વ પ્રમુખ અલારખભાઈ ખોખર તરફથી ૬૫૦ નંગ નાનખટાઈનું વિતરણ કરવામાં આવેલ.

ઉપસ્થિત તમામ નાગરિકોને પૂર્વ સરપંચ રસભર્યાએ જણાવેલ કે આપણી સરકારી સ્કુલનો બાળક મુકેશ અંબાણી કરતાં પણવધુ અમીર હશે કારણ, કે શાળા પ્રવેશનો ફોટો મુકેશ અંબાણી પણ નહી હોય'' આ કાર્યક્રમમાં ભાભલુભાઈ દેસાઈ, ભગવાનજી ઢાંકેચા, વનરાજભાઈ ખુમાણ, રૂપકભાઈ, ભાણાભાઈ સોજા, યુનુસભાઈ પોહાર સમીર ખોખર અરવિંદ આંબલીયા, કિરીટસિંહ ભાટી, મેહુલ રાઠોડ, અલારખભાઈ ખોખર, રાકેશભાઈ વોરા, એડવોકેટગુણવંત ગોંડલીયા, ભરતદાદા, જીજ્ઞેશ ગુર્જર, સુરેશ રાઠોડ, ઈમરાન પઠાણ વગેરે ૫૦ થી વધુ કાર્યકરો આ કાર્યક્રમમાં હાજરી આપી હતી.

### દરરોજ હજારો નાગરિકો નાવલી નદી ઉપરથી થાય છે પસાર

## લીલીયામોટાની નાવલી નદીમાં ગટરનાં ગંધાતા પાણીનો ભરાવો થતાં ભયાનક સમસ્યા

**ભાજપનાં અગ્રણીએ નદીની કાયાપલટ કરવા માંગ કરી**

લીલીયામોટા, તા.૯

લીલીયા મોટા ગામની નાવલી નદીની ભારે દુર્દશા થઈ છે. ચોમાસાનાં વરસાદી પાણી અને ગટરનાં પાણીથી નાવલીમાં સતત પાણી વહેતુ રહે છે. ગામમાં બહારગામથી આવતા લોકોને પગપાળા કે વાહન ઉપર આવતા હોય ત્યારે ફરજીયાત નાવલી નદીમાંથી જ પસાર થવુ પડે છે.

નાવલીમાં એસ.ટી.બસ અને રેતીનાં ડમ્પરો પણ ચાલતા હોવાથી મસમોટી ખાડા પડી જાય છે. જેનાથી પાણી ભરાતા રાહદારીઓ અને વાહનચાલકો ગંભીર મુશ્કેલી વેઠવી પડે છે અને અકસ્માતો પણ થતા હોય છે. આ પરિસ્થિતીમાં ભારે-હેવી વાહનોને બાયપાસ ચલાવવા જોઈએ તેવુ શહેરીજનો ઈચ્છી રહ્યા છે.

નાવલીમાં ૧૦ વર્ષ પહેલા સીસી રોડ બનાવવામાં આવેલો પરંતુ ગટરની યોજના આવતા જ આ રોડ તૂટી ગયેલો અને મસમોટા ખાડાઓ પડેલા હોવાથી લોકો ખાડામાં પડી જા ય અને વાહનચાલકોને ભારે મુશ્કેલી પડતી હોવાથી અવારનવાર કિસ્સાઓ બને છે. જેથી હાથપગમાં ફેકચર થઈ જાય છે. આ પ્રશ્ન રોજનો છે તો સત્તાધિશોએ આ બાબતમાં ધ્યાન આપશે ખરા? સિમેન્ટનો માલ બનાવી આ ખાડાઓ પૂરવામાં આવે તો થોડી રાહત મળી શકે અને નાના-મોટા અકસ્માત થતા અટકી જશે. સત્વરે આ કાયમી અમલમાં થાય તેવુ આ વિસ્તારનાં ખેડૂત આગેવાન અને ભાજપનાં અગ્રણી ભાસ્કરભાઈ પટેલની યાદીમાં જણાવવામાં આવેલ છે.





ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦




ફકત ૯.૯૦%ના વાર્ષિક વ્યાજ દરે અને સરળ પ્રક્રિયા દ્વારા ગોલ્ડ લોન
A.P.C.C.S
ધી અમરેલી પીપલ્સ ક્રેડીટ કો-ઓપ. સોસાયટી લી. - અમરેલી
'પીપલ્સ ભવન', ફ્રુટ માર્કેટ, પ્રથમ માળ, ઈન્દીરા શોપીંગ સેન્ટર, અમરેલી.
કોન્ટેકટ નંબર-૦૨૭૯૨-૨૨૦૨૬૪, ૯૪૦૮૫ ૬૨૨૬૪












### મોસ્કોમાં ભારતીયો વચ્ચે બોલ્યા : PM મોદી

# પડકારોને પણ પડકાર આપવો મારા DNAમાં છે:વડાપ્રધાન મોદી

**સરકારનું લક્ષ્ય ગરીબો માટે 3 કરોડ ઘર બનાવવા અને 3 કરોડ લાખપતિ દીદીઓ બનાવવાનું છે. તેમણે કહ્યું કે તમે બધા જાણો છો કે ભારત આજે જે પણ લક્ષ્ય નક્કી કરે છે**

મોસ્કો, તા.૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદી રશિયાના મોસ્કોમાં ભારતીય સમુદાયને સંબોધિત કરી રહ્યા છે. આ દરમિયાન તેમણે કહ્યું કે તમારા પ્રેમ, સ્નેહ માટે તમે અહીં આવવા માટે સમય કાઢ્યો તે બદલ હું તમારો ખૂબ આભારી છું. હું એકલો નથી આવ્યો, મારી સાથે ઘણું બધું લઈને આવ્યો છું. હું મારી સાથે ભારતની માટીની સુગંધ અને ૧૪૦ કરોડ દેશવાસીઓનો પ્રેમ લઈને આવ્યો છું. પીએમ મોદીએ કહ્યું કે તે ખૂબ જ આનંદદાયક છે કે ત્રીજી વખત સરકારમાં આવ્યા બાદ, ભારતીય સમુદાય સાથે મારો પ્રથમ સંવાદ અહીં મોસ્કોમાં તમારી સાથે થઈ રહ્યો છે. આજે ૯મી જુલાઈ છે, મને શપથ લીધાને એક મહિનો થઈ ગયો છે. આજથી બરાબર એક મહિના પહેલા મેં ભારતના પીએમ તરીકે શપથ લીધા હતા. એ જ દિવસે મેં પ્રતિજ્ઞા લીધી હતી કે મારી ત્રીજી ટર્મમાં હું ત્રણ ગણી તાકાત અને ત્રણ ગણી ઝડપ સાથે કામ કરીશ.વડાપ્રધાને કહ્યું કે સરકારના ઘણા લક્ષ્યાંકોમાં ૩ નંબરનો આંકડો આવે તે પણ એક સંયોગ છે. ત્રીજી ટર્મમાં ભારતને વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનાવવાનું સરકારનું લક્ષ્ય છે. સરકારનું લક્ષ્ય ગરીબો માટે ૩ કરોડ ઘર બનાવવા અને ૩ કરોડ લાખપતિ દીદીઓ બનાવવાનું છે.તેમણે કહ્યું કે તમે બધા જાણો છો કે ભારત આજે જે પણ લક્ષ્ય નક્કી કરે છે, તે સફળ રહે છે. આજે ભારત એ એવો દેશ છે જેણે ચંદ્રયાનને ચંદ્ર પર મોકલ્યું છે જ્યાં વિશ્વનો અન્ય કોઈ દેશ પહોંચી શક્યો નથી. ભારત વિશ્વને ડિજિટલ ટ્રાન્ઝેક્શનનું સૌથી વિશ્વસનીય મોડલ આપી રહ્યું છે. છેલ્લા ૧૦ વર્ષમાં દેશ દ્વારા જે વિકાસ થયો છે તે જોઈને વિશ્વ આશ્ચર્યચકિત છે. જ્યારે વિશ્વના લોકો ભારતમાં આવે છે, ત્યારે તેઓ કહે છે કે 'ભારત બદલાઈ રહ્યું છે' તેઓ સ્પષ્ટપણે ભારતના કાયાકલ્પને, ભારતના પુનઃનિર્માણને જોઈ શકે છે. ભારત બદલાઈ રહ્યું છે કારણ કે દેશ તેના ૧૪૦ કરોડ નાગરિકોની ક્ષમતામાં વિશ્વાસ રાખે છે. ૧૪૦ કરોડ ભારતીયો હવે વિકસિત દેશ બનવાના સપના જોઈ રહ્યા છે.પીએમ મોદીએ કહ્યું કે આજે ૧૪૦ કરોડ ભારતીયો દરેક ક્ષેત્રમાં આગળ આવવાની તૈયારીમાં વ્યસ્ત છે. તમે બધાએ જોયું હશે કે, અમે માત્ર અમારી અર્થવ્યવસ્થાને કોવિડ કટોકટીમાંથી બહાર કાઢી નથી, પરંતુ ભારતે તેની અર્થવ્યવસ્થાને વિશ્વની સૌથી મજબૂત અર્થવ્યવસ્થાઓમાંની એક બનાવી છે. તેણે કહ્યું કે પડકારને પડકારવો એ મારા ડીએનએમાં છે. તેમણે કહ્યું કે ભારતમાં પરિવર્તન માત્ર સિસ્ટમ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિશે નથી, પરંતુ આ પરિવર્તન દેશના દરેક નાગરિક અને દરેક યુવાનોના આત્મવિશ્વાસમાં પણ દેખાય છે. ૨૦૧૪ પહેલા આપણે નિરાશામાં ડૂબેલા હતા, પરંતુ આજે દેશ આત્મવિશ્વાસથી ભરેલો છે. તમે પણ તાજેતરમાં ૨૦ વર્લ્ડ કપમાં ભારતની જીતની ઉજવણી કરી હશે. વર્લ્ડ કપ જીતવાની વાસ્તવિક વાર્તા પણ વિજયની સફર છે. આજનો યુવા અને આજનો યુવા ભારત છેલ્લા બોલ અને છેલ્લી ક્ષણ સુધી હાર માનતો નથી. જેઓ હાર સ્વીકારવા તૈયાર નથી તેમના પગને જ જીત ચુંબન કરે છે.

### ફિલ્મ નિર્દેશક રાજકુમાર સંતોષી સામે વોરંટ જારી

# રાજકુમાર સંતોષી કોર્ટ દ્વારા આપવામાં આવેલી એકપણ તારીખે હાજર થયા નહિ

**કો-પ્રોડ્યુસર ઝુલન પ્રસાદ ગુપ્તાને આપવામાં આવેલો ૧ કરોડ રૂપિયાનો ચેક થયો છે બાઉન્સ**

મુંબઈ, તા.૯

હિન્દી ફિલ્મોના પ્રખ્યાત બોલિવૂડ ફિલ્મ નિર્માતા-દિગ્દર્શક અને પટકથા લેખકે 'ઘાયલ', 'અંદાઝ અપના અપના' અને 'ધ લિજેન્ડ ઑફ ભગત સિંહ' જેવી ઘણી બ્લોકબસ્ટર ફિલ્મો બનાવી છે. 'દામિની' પણ તેમાંથી એક છે. રાજકુમાર સંતોષી મોટી મુશ્કેલીમાં છે. કારણ કે તેની જ ફિલ્મ 'દામિની'નો 'તારીખ પર તારીખ' ડાયલોગ તેને ફિટ લાગે છે. હવે તેને કોર્ટની તારીખો અને વોરંટનો સામનો કરવો પડે છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, રાજકુમાર સંતોષી, જેમની તાજેતરમાં રિલીઝ થયેલી ફિલ્મ 'ગાંધી ગોડસે એક યુદ્ધ' બોક્સ ઓફિસ પર સારું પ્રદર્શન કરી શકી ન હતી, જેના કારણે તેને ભારે નુકસાન થયું હતું. સંતોષી ચેક બાઉન્સ બદલ ફિલ્મના કો-પ્રોડ્યુસર ઝુલન પ્રસાદ ગુપ્તા સામે કાનૂની કાર્યવાહીનો સામનો કરી રહ્યા છે. રાજકુમાર સંતોષી કોર્ટ દ્વારા આપવામાં આવેલી કોઈપણ તારીખે કોર્ટમાં હાજર થયા ન હતા, જેના કારણે સંતોષી વિરુદ્ધ વોરંટ જારી કરવામાં આવ્યું હતું.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર આ કેસમાં તેની ધરપકડ પણ થઈ શકે છે.મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ૬ જુલાઈ, ૨૦૨૪ના રોજ નવી દિલ્હીની સાકેત ડિસ્ટ્રિક્ટ કોર્ટે ફિલ્મ નિર્માતા રાજકુમાર સંતોષી વિરુદ્ધ વોરંટ જાહેર કર્યું છે. નિર્માતા ઝુલને એનઆઈની કલમ ૧૩૮ હેઠળ કેસ દાખલ કર્યો હતો. રાજકુમાર સંતોષી પર આરોપ છે કે ઝુલનને આપેલો તેમનો ૧ કરોડ રૂપિયાનો ચેક બાઉન્સ થઈ ગયો છે. સંતોષી સામે પૈસા ન આપવા બદલ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ઝુલન પ્રસાદ ગુપ્તાએ કહ્યું, ''હાં રાજકુમાર સંતોષીને બોલિવૂડના એક મહાન ફિલ્મ નિર્દેશક તરીકે જાણતો હતો, પરંતુ હું તેમના વિશે એક વ્યક્તિ તરીકે જાણતો નહોતો. જ્યારે તેણે પૈસા માંગ્યા ત્યારે હું કલ્પના પણ કરી શકતો ન હતો કે તે મારા પૈસા પરત નહીં કરે. સૌથી ખરાબ બાબત એ હતી કે તેઓએ મને આપેલો ચેક બાઉન્સ થયો હતો, તેથી ભારતીય ન્યાય પ્રણાલીમાં વિશ્વાસ રાખીને હું કોર્ટમાં ગયો હતો. કારણ કે રાજકુમાર સંતોષી આપેલી તારીખો પર કોર્ટમાં હાજર થયા ન હતા, તેથી તેમની વિરુદ્ધ આ સમન્સ અને નોટિસ જારી કરવામાં આવી છે. મને કોર્ટમાંથી ન્યાય મળવાની પૂરી આશા છે.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ઝુલન પ્રસાદ ગુપ્તાએ એમ પણ કહ્યું કે, ''અમારી કાનૂની લડાઈ ચાલુ રહેશે કારણ કે રાજકુમાર સંતોષીએ 'બેટલ ઓફ સારાગઢી' માટે લગભગ ૬ કરોડ રૂપિયા લીધા છે અને તેની લેટેસ્ટ ફિલ્મ 'લાહોર ૧૯૪૭' માટે તેણે ૨ રૂપિયા પણ લીધા છે. આ અંગે અમારી તરફથી કાયદેસરની કાર્યવાહી પણ શરૂ કરવામાં આવી છે

### એક્સાઈઝ પોલીસી કેસ

# કોર્ટે મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને આમ આદમી પાર્ટીની વિરુદ્ધ પ્રોડક્શન વોરન્ટ જારી કર્યું

**૧૨ જુલાઈએ તમામ આરોપીઓને કોર્ટમાં હાજર રહેવા આદેશ**

નવી દિલ્હી, તા.૯

રાઉઝ એવન્યુ કોર્ટે દિલ્હી એક્સાઈઝ પોલિસી સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં સીએમ અરવિંદ કેજરીવાલ અને આમ આદમી પાર્ટી (AAP) વિરુદ્ધ દાખલ કરવામાં આવેલી ED ચાર્જશીટની નોંધ લીધી છે. કોર્ટે મુખ્યમંત્રી કેજરીવાલ વિરુદ્ધ પ્રોડક્શન વોરંટ જારી કર્યું છે. ઉલ્લેખનીય છે કે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે અગાઉ પોતાના હંગામી જામીનને વધાર માટે કોર્ટેમાં અરજી કરી હતી. જોકે કોર્ટે આ અરજીને ફગાવી દીધી હતી.કોર્ટે તમામ આરોપીઓને ૧૨ જુલાઈના રોજ કોર્ટમાં હાજર થવાનો આદેશ કર્યો છે. જસ્ટીસ કાવેરી બાવેજાએ અરવિંદ કેજરીવાલ અને આમ આદમી પાર્ટી માટે પ્રોડક્શન વોરંટ ઈસ્યુ કર્યું છે. આ ચાર્જશીટમાં EDએ આમ આદમી પાર્ટીને પણ આરોપી બનાવી છે.

AAPએ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ એટલે કે ED પર આમ આદમી પાર્ટીને આરોપી બનાવવા પર પ્રતિક્રિયા આપી છે. આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સચિવ પંકજ ગુપ્તાએ આરોપ લગાવ્યો છે કે ભાજપ કોઈપણ કિંમતે AAP ને ખતમ કરવા માંગે છે. તેમણે વધુમાં કહ્યું કે કેન્દ્ર સરકાર આમ આદમી પાર્ટી વિરુદ્ધ મોટું ષડયંત્ર રચી રહી છે. આજ સુધી EDને ભ્રષ્ટાચારનો એક પણ પૈસો મળ્યો નથી.

દિલ્હીની કેજરીવાલ સરકારે ૧૭ નવેમ્બર ૨૦૨૧ના રોજ આબકારી નીતિ ૨૦૨૧-૨૨ લાગુ કરી હતી. આ નવી નીતિ હેઠળ, રાજધાનીના દારૂના સમગ્ર વ્યવસાયને ખાનગી કંપનીઓને સોંપવામાં આવ્યો હતો.. કેજરીવાલ સરકારે દાવો કર્યો હતો કે નવી નીતિથી માફિયા શાસનનો અંત આવશે અને સરકારની આવકમાં પણ વધારો થશે.

અગાઉ, દિલ્હીમાં દારૂના વેચાણ માટે બે પ્રકારના લાઈસન્સ આપવામાં આવ્યા હતા - L1 અને L10. જે દુકાનો DDA માન્ય બજારો, સ્થાનિક શોપિંગ સેન્ટરો, જિલ્લા કેન્દ્રો અને સમુદાય કેન્દ્રોમાં હતી તેમને ન્૧ લાયસન્સ આપવામાં આવ્યું હતું. જે દુકાનો મોલમાં આવેલી હતી તેમને L10 લાયસન્સ આપવામાં આવ્યું હતું. નવી દારૂની નીતિને મંજૂરી મળ્યા બાદ દિલ્હીમાં સરકારી દારૂની દુકાનો બંધ કરી દેવામાં આવી હતી.

રાજધાનીને ૩૨ ઝોનમાં વહેંચવામાં આવી હતી. દરેક ઝોનમાં ૨૭ દારૂની દુકાનો હતી. દરેક વોર્ડમાં ૨ થી ૩ ફેરિયાઓને દારૂનું વેચાણ કરવાની છૂટ આપવામાં આવી હતી. જો કે, આ નીતિ શરૂઆતથી જ વિવાદોમાં રહી અને આઠ મહિના પછી, આખરે ૨૮ જુલાઈ ૨૦૨૨ ના રોજ, દિલ્હી સરકારે નવી નીતિને રદ કરી હતી.

### 'ચંદ્રશેખરથી શ્રેષ્ઠ કોઈ નથી...',

# બિહારના નેતાઓએ પૂર્વ પીએમને ભારત રત્ન આપવાની માંગ કરી

**ચંદ્રશેખર ભારતના આઠમા વડાપ્રધાન હતા, તેઓ એવા પ્રથમ વડાપ્રધાન હતા જેમણે કોઈ સરકારી પદ સંભાળ્યું ન હતું**

બિહાર, તા.૯

પૂર્વ વડાપ્રધાન ચંદ્રશેખરની પુણ્યતિથિ પર રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં આયોજિત એક કાર્યક્રમમાં ઘણા રાજનેતાઓએ ભાગ લીધો હતો અને આ દરમિયાન ચંદ્રશેખરને ભારત રત્ન આપવાની માંગ કરવામાં આવી હતી. બિહારના શિયોહરના સાંસદ લવલી આનંદ, તેમના પતિ અને ભૂતપૂર્વ સાંસદ આનંદ મોહન, તેમના ધારાસભ્ય પુત્ર ચેતન આનંદ, બિહારના ભૂતપૂર્વ પ્રધાન જય કુમાર સિંહ, સામાજિક કાર્યકર મેજર (નિવૃત્ત) ડૉ. હિમાંશુ સોમ અને અન્ય ઘણા રાજકારણીઓ અને સામાજિક કાર્યકરોએ આ માંગણીનો પુનરોચ્ચાર કર્યો હતો. કોન્સ્ટિટ્યુશન ક્લબ ઓફ ઈન્ડિયા ખાતે આયોજિત એક કાર્યક્રમમાં ઉપસ્થિત લોકોએ સરકારને ચંદ્રશેખરના વારસાને સન્માન આપવા વિનંતી કરી હતી.આનંદ મોહને કહ્યું કે, ''ચંદ્રશેખરથી મોટો કોઈ સમાજવાદી આઈકન નથી. ચંદ્રશેખરનું તત્કાલીન મુખ્યાલય નરેન્દ્ર નિકેતન તેમની યાદમાં ફરીથી બનાવવું જોઈએ. આ સાથે ભારતીય રાજકારણમાં સમાજવાદના આદર્શ અને ગરીબોના સૌથી મહાન નેતા એવા ચંદ્રશેખરનું નિર્માણ કરવું જોઈએ. ભારત રત્નથી સન્માનિત.'' સન્માનિત થવું જોઈએ.''આ માંગ માટે વડાપ્રધાનને પત્ર અને હસ્તાક્ષર અભિયાન ટૂંક સમયમાં શરૂ થશે. આ ઉપરાંત અન્ય ઘણા સાંસદો અને ધારાસભ્યો પણ આ માંગમાં જોડાય તેવી શક્યતા છે. સામાજિક કાર્યકર અને ચંદ્રશેખરની પોતાની સંસ્થાના સંયોજક મેજર (નિવૃત્ત) ડૉ. હિમાંશુ સોમે કહ્યું, ''સમાજવાદી બિકન ચંદ્રશેખર ભારતમાં વૈચારિક રાજકારણના છેલ્લા મહાન નેતા રહ્યા છે.''હવે સમય આવી ગયો છે કે ધરતી પુત્રને ભારત રત્ન આપવામાં આવે. આ ઉપરાંત દર વર્ષે ૮મી જુલાઈએ હજારો લોકો સાથે એક કાર્યક્રમનું આયોજન કરવું જોઈએ.ચંદ્રશેખર ભારતના આઠમા વડા પ્રધાન હતા, પ્રથમ વડા પ્રધાન હતા જેમણે કોઈ સરકારી પદ સંભાળ્યું ન હતું. તેઓ દેશના જાણીતા ભડકાઉ વિદ્યાર્થી નેતા અને સમાજવાદી નેતા હતા.ચંદ્રશેખર પૂર્વાંચલની રાજનીતિમાં અદભૂત હતા, સમાજવાદી રાજકારણ દ્વારા સત્તામાં તેમનો ઉદય એ આધુનિક ભારતના ઈતિહાસમાં એક સીમાચિહ્નરૂપ છે. તેમનો પુત્ર નીરજ શેખર છેલ્લી ચૂંટણીમાં ભાજપની ટિકિટ પર બલિયાથી હારી ગયો હોવા છતાં, તેમનો બળવાખોર વારસો પૂર્વાંચલમાં, ભોજપુરી ભાષી લોકો અને ભારતના સમાજવાદીઓમાં ચાલુ છે.

# અમદાવાદ મહાનગરને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની મહત્વપૂર્ણ ભેટ

**એલિસ બ્રિજના મજબૂતીકરણ અને પુનઃસ્થાપન માટે ૩૨ કરોડ ૪૦ લાખ ૫૦ હજાર રૂપિયા ફાળવવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી**

અમદાવાદ,, તા.૯

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વર્લ્ડ હેરિટેજ સિટી અમદાવાદના હેરિટેજ બ્રિજ એવા એલિસ બ્રિજના મજબૂતીકરણ અને પુનઃસ્થાપન માટે ૩૨ કરોડ ૪૦ લાખ ૫૦ હજાર રૂપિયા ફાળવવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાના ફ્લાયઓવર બ્રિજ ઘટકમાંથી આ રકમ ફાળવીને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ મહાનગરને મહત્વપૂર્ણ ભેટ આપી છે. ૧૩૨ વર્ષ પહેલાં નિર્માણ થયેલા ઐતિહાસિક એલિસ બ્રિજનો રાહદારીઓ ફરીથી ઉપયોગ કરી શકે તે મુજબનું પુનઃ નિર્માણ કરવામાં આવશે. સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાના ફ્લાયઓવર બ્રિજ ઘટકમાંથી રકમ ફાળવાશે.

વર્લ્ડ હેરિટેજ સિટી અમદાવાદના હેરિટેજ બ્રિજ-એલિસ બ્રિજના મજબૂતીકરણ અને પુનઃસ્થાપન માટે રૂપિયા ૩૨.૪૦ કરોડ ફાળવવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. સાબરમતી નદી ઉપર અમદાવાદ શહેરમાં આ સૌપ્રથમ બ્રિજ અંગ્રેજ શાસનકાળ દરમિયાન ૧૮૯૨માં બનાવવામાં આવેલો છે. ૪૩૩.૪૧ મીટર લંબાઈ અને ૬.૨૫ મીટરની પહોળાઈનો આ એલિસ બ્રિજ, ૩૦.૯૬ મીટરના ૧૪ સ્પાન બો-સ્ટ્રીંગ ટાઈપના સ્ટીલ સ્ટ્રક્ચરમાં નિર્માણ થયેલો છે. આ ઐતિહાસિક બ્રિજનું સ્ટીલ સ્ટ્રક્ચર વેધરિંગ ઈફેક્ટના કારણે જર્જરીત અને ભયજનક થઈ જવાને કારણે આ બ્રિજ છેલ્લાં દસ વર્ષથી વપરાશ માટે સંપૂર્ણ બંધ કરવામાં આવ્યો છે.

રાજ્ય સરકારે આ હેરિટેજ બ્રિજની વિરાસત જળવાઈ રહે અને તેનું સમય અનુરૂપ રીપેરીંગ કામ અદ્યતન ટેકનોલોજીથી થાય તેવા હેતુસર સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત બ્રિજના મજબૂતીકરણ અને પુનઃસ્થાપનની કામગીરી હાથ ધરવાનો નિર્ણય કરીને આ માટે માતબર રકમ ફાળવી છે. એટલું જ નહીં, પુનઃસ્થાપન બાદ આ બ્રિજનો ઉપયોગ રાહદારીઓ માટે પણ થઈ શકે તેમજ લોકો આ હેરિટેજ બ્રિજની મુલાકાત લઈ ઐતિહાસિક સંભારણાની સ્મૃતિ સાચવી શકે તે પ્રકારની બ્રિજ રીપેરીંગ મેથડોલોજીનો ઉપયોગ કરીને સ્ટ્રક્ચર ડિઝાઈન વગેરે કરવામાં આવશે. એલિસ બ્રિજના મજબૂતીકરણ અને પુનઃસ્થાપન થવાથી સાબરમતી નદી પટમાં વિક્ટોરિયા ગાર્ડન પાસે યોજાતી પરંપરાગત રવિવારી બજારમાં આવવા-જવા આ બ્રિજનો પુનઃઉપયોગ રાહદારીઓ કરી શકશે. ઐતિહાસિક એલિસ બ્રિજની જે સ્ટ્રે?ધનિંગ અને રિસ્ટોરેશન કામગીરી હાથ ધરાવાની છે,

તેમાં મુખ્ય ટ્રસના જોઈન્ટ્સ રીપેરીંગ, બોટમ ગર્ડર, બોટમ સ્ટ્રી?જર્સ તેમજ બોટમ જોઈન્ટ્સ બદલવામાં આવશે. નવી બેરિંગ્સ ઈન્સ્ટોલેશન, કોમ્પોઝિટ પિયર સ્ટ્રક્ચર વચ્ચેના લેસિંગ તથા બ્રેસિંગ જરૂરિયાત મુજબ બદલવાનો સમાવેશ કરાશે. આ ઉપરાંત હયાત પિયરને કોરોઝનથી બચાવવા એન્ટી કોરોઝન ટ્રીટમેન્ટ, જર્જરીત થઈ ગયેલા બોટમ ડેક સ્લેબને દૂર કરી નવો કરવાની કામગીરી પણ હાથ ધરાશે.

### અજિત પવાર કેમ્પને કોંગ્રેસના ચૂંટણી રણનીતિકાર પર વિશ્વાસ છે

# વિધાનસભા ચૂંટણીની રણનીતિ બનાવવાની જવાબદારી સોંપવામાં આવી છે

**સોમવારે બજેટ સત્રની વચ્ચે અજિત પવાર કેમ્પે તમામ ધારાસભ્યોની હાજરીમાં બેઠક યોજી હતી અને ચૂંટણી અંગે ચર્ચા કરી હતી**

નવી દિલ્હી, તા.૯

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીએ મહારાષ્ટ્રમાં આગામી લેજિસ્લેટિવ કાઉન્સિલ (MLC)ની ચૂંટણીઓ અને ત્યારબાદ ત્રણ મહિના પછી યોજાનારી વિધાનસભાની ચૂંટણી માટે રણનીતિ બનાવવાનું શરૂ કરી દીધું છે. સોમવારે બજેટ સત્રની વચ્ચે અજિત પવાર કેમ્પે તમામ ધારાસભ્યોની હાજરીમાં બેઠક યોજી હતી અને ચૂંટણી અંગે ચર્ચા કરી હતી. રસપ્રદ વાત એ છે કે, અજિત પવાર કેમ્પે આગામી વિધાનસભા ચૂંટણી માટે નરેશ અરોરાને તેના ચૂંટણી વ્યૂહરચનાકાર તરીકે નિયુક્ત કર્યા છે.નરેશ અરોરા રાજકીય અભિયાન મેનેજમેન્ટ કંપની designboxed.com ના સહ-સ્થાપક પણ છે. તેમણે રાજસ્થાન અને કર્ણાટક સહિત ઘણા રાજ્યોમાં કોંગ્રેસના ચૂંટણી પ્રચારનું સંચાલન કર્યું છે. બેઠકમાં નરેશ અરોરાએ આગામી વિધાનસભા ચૂંટણી માટે પાર્ટીના બ્રાન્ડિંગ અને વ્યૂહરચના વિશે પ્રેઝન્ટેશન આપ્યું હતું અને અજીત કેમ્પના ધારાસભ્યોને સંબોધિત કર્યા હતા.સૂત્રોના જણાવ્યા અનુસાર, પાર્ટીએ નાણાપ્રધાન અજિત પવાર દ્વારા રજૂ કરાયેલા બજેટમાં સરકાર દ્વારા જાહેર કરાયેલી તમામ લોકપ્રિય યોજનાઓને પ્રમોટ કરવાની રણનીતિ બનાવી છે અને મતદારો સુધી પહોંચવા માટે '90 દિવસ'ની યોજના બનાવી છે. સંગઠને નક્કી કર્યું છે કે અજિત પવારને પક્ષના નેતા તરીકે બ્રાંડિંગ અને મેક-ઓવર પર પણ કામ કરવામાં આવશે, જેમાં વહીવટ પર તેમની પકડ, તેમના શબ્દોને વળગી રહેવું, તેમના તમામ વચનો પૂરા કરવા, તેમના જીવન જીવવા જેવા ગુણો અને પક્ષના કેડર માટે ઉપલબ્ધ છે પાટી માટે કામ કરવાનું કહેવામાં આવશે. ધારાસભ્યોને કહેવામાં આવ્યું હતું કે વિપક્ષના કોઈપણ ખોટા નિવેદનની જાળમાં ન ફસાય. તેના બદલે, જમીન પર યોજનાઓના અમલીકરણ અને પ્રચાર તરફ કામ કરો અને માત્ર વિકાસ એજન્ડા પર ધ્યાન કેન્દ્રિત કરો.આ બેઠકમાં નાયબ મુખ્યમંત્રી અને એનસીપીના વડા અજિત પવાર, કાર્યકારી અધ્યક્ષ પ્રફુલ પટેલ, પ્રદેશ અધ્યક્ષ સુનિલ તટકરે, છગન ભુજબળ, રામરાજે નિમ્બાલકર, હસન મુશરફ, દિલીપ વાલસે પાટીલ અને અન્ય વરિષ્ઠ નેતાઓ હાજર હતા.તમને જણાવી દઈએ કે અજિત પવારની NCP મહારાષ્ટ્રમાં NDA સરકારનો હિસ્સો છે. શિવસેનાના નેતા એકનાથ શિંદે મુખ્યમંત્રી છે. જ્યારે બીજેપી નેતા દેવેન્દ્ર ફડણવીસ અને NCP ચીફ અજિત પવાર ડેપ્યુટી સીએમ છે. ફડણવીસ પાસે ગૃહ મંત્રાલય અને અજીત પાસે નાણાં મંત્રાલયની જવાબદારી છે. તાજેતરમાં યોજાયેલી લોકસભા ચૂંટણીમાં NDAને મહારાષ્ટ્રમાં 48માંથી માત્ર 17 બેઠકો મળી હતી. જ્યારે ઈન્ડિયા બ્લોકમાં સમાવિષ્ટ કોંગ્રેસે 13 બેઠકો, ઉદ્ધવ જૂથે 9 બેઠકો અને શરદ પવાર જૂથે 8 બેઠકો જીતી છે. એક અપક્ષ ચૂંટણી જીત્યો છે.288 બેઠકોવાળી મહારાષ્ટ્ર વિધાનસભામાં NCPના બંને જૂથો પાસે 53 ધારાસભ્યો છે. જુલાઈ 2023 માં, અજિત પવારે તેમના કાકા શરદ પવાર સામે બળવો કર્યો અને NDA સરકારમાં જોડાયા. અજીતની સાથે 8 ધારાસભ્યોએ મંત્રી તરીકે શપથ લીધા. અજિત કેમ્પનો દાવો છે કે તેમની પાસે 41 ધારાસભ્યોનું સમર્થન છે. જ્યારે શરદ પવારના જૂથને 12 ધારાસભ્યોનું સમર્થન છે.

### તાજા ફળો, સૂકા ફળો, ખજૂર અને મીઠાઈઓ...

# પુતિન સાથેની ખાનગી બેઠકમાં પીએમ મોદીને શું પીરસવામાં આવ્યું ?

**બેઠક દરમિયાન પુતિને પીએમ મોદીનું ખુલ્લા હાથે સ્વાગત કર્યું અને તેમને પોતાના 'બેસ્ટ ફ્રેન્ડ' કહ્યાં**

નવી દિલ્હી, તા.૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદી બે દિવસની મુલાકાતે રશિયા પહોંચ્યા છે. સોમવારે મોસ્કો પહોંચેલા પીએમ મોદીએ રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે તેમના સત્તાવાર નિવાસસ્થાને મુલાકાત કરી હતી.બેઠક દરમિયાન પુતિને પીએમ મોદીનું ખુલ્લા હાથે સ્વાગત કર્યું અને તેમને પોતાના 'બેસ્ટ ફ્રેન્ડ' કહ્યા. રશિયાના રાષ્ટ્રપતિ અને પીએમ મોદી વચ્ચે એક પ્રાઈવેટ મીટિંગ પણ થઈ હતી, આ મીટિંગમાં પીએમ મોદીને અનેક પ્રકારની વાનગીઓ પીરસવામાં આવી હતી.રશિયાના સરકારી મીડિયા સ્પુટનિક અનુસાર, વ્લાદિમીર પુતિન સાથેની મુલાકાત દરમિયાન પીએમ મોદીને પાંચ પ્રકારની વાનગીઓ પીરસવામાં આવી હતી.તમને જણાવી દઈએ કે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને પીએમ મોદીને ૨૨મી ભારત-રશિયા સમિટ માટે આમંત્રણ મોકલ્યું હતું. આ અંતર્ગત બંને નેતાઓ મંગળવારે એટલે કે આજે દ્વિપક્ષીય વાતચીત કરશે. આ ચર્ચામાં ઘણા મહત્વના મુદ્દાઓ પર ચર્ચા થવાની છે.રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને કહ્યું, 'આદરણીય વડા પ્રધાન નરેન્દ્ર મોદી, શ્રેષ્ઠ મિત્ર, તમારું હૃદયપૂર્વક સ્વાગત છે. હું તમને જોઈને ખૂબ જ ખુશ છું. આવતીકાલે ઔપચારિક વાતચીત (અમારી વચ્ચે) થવાની છે.

રાષ્ટ્રપતિ પુતિને હસતાં હસતાં કહ્યું, 'આજે આપણે ઘર જેવા વાતાવરણમાં અનૌપચારિક રીતે આ જ મુદ્દા પર ચર્ચા કરી શકીએ છીએ.'વડાપ્રધાન મોદી અને રાષ્ટ્રપતિ પુતિન વચ્ચે આજે સત્તાવાર વાતચીત થશે. આ પહેલા ભારતે રશિયા-યુક્રેન યુદ્ધ પર પોતાનું વલણ સ્પષ્ટ કર્યું હતું. ભારત તરફથી એક સત્તાવાર નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે (રશિયા-યુક્રેન યુદ્ધ)નો ઉકેલ યુદ્ધના મેદાનમાં શોધી શકાતો નથી. યુક્રેન સામે યુદ્ધ લડી રહેલા ભારતીય નાગરિકોની સુરક્ષિત વતન પરત પીએમ મોદીના મુખ્ય એજન્ડામાં સામેલ છે. આ સિવાય બંને દેશો વચ્ચે આર્થિક મુદ્દાઓ પર પણ વાતચીત થશે.

### DUSU પ્રમુખ તુષાર દેઘાનો વળતો પ્રહાર

# કોંગ્રેસ નેતાઓ સામે માનહાનિનો કેસ દાખલ કર્યો

**બનાવટી માર્કશીટ મામલે તુષાર દેધાએ સિવિલ લાઈન્સ પોલીસ સ્ટેશનમાં કોંગ્રેસના નેતાઓ વિરુદ્ધ માનહાનિની ફરિયાદ નોંધાવી છે**


નવી દિલ્હી, તા.૯

દિલ્હી યુનિવર્સિટીના વિદ્યાથી સંઘના પ્રમુખ તુષાર દેધાએ નકલી માર્કશીટ મામલે સિવિલ લાઈન્સ પોલીસ સ્ટેશનમાં કોંગ્રેસના નેતાઓ વિરુદ્ધ માનહાનિની ફરિયાદ નોંધાવી છે. તુષારે તેની ફરિયાદમાં NSUI નેતા અને DUSU ઉપાધ્યક્ષ અભિ દહિયાના ભૂતપૂર્વ પદનો ઉલ્લેખ કર્યો છે.તુષાર દેધાએ કહ્યું છે કે 5 જુલાઈના રોજ સાંજે લગભગ 7.30 વાગ્યે તેમની છબી ખરાબ કરવાના ઈરાદાથી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર ખોટો આરોપ લગાવવામાં આવ્યો હતો. દેધાએ કહ્યું, 'એવો આક્ષેપ કરવામાં આવ્યો છે કે મેં ડીયુમાં એડમિશન સમયે એડમિશન લેવા માટે નકલી દસ્તાવેજો આપ્યા હતા. જો કે તેની પાસે આ વાતનો કોઈ પુરાવો નહોતો. આ પોસ્ટને બાદમાં NSUIના ઘણા અધિકારીઓ વરુણ ચૌધરી અને દીપેન્દ્ર હુડ્ડા દ્વારા પણ શેર કરવામાં આવી હતી. આ લોકોએ કોઈપણ પુરાવા વગર મારા પર આરોપ લગાવ્યા હતા.

તુષાર દેધાએ વધુમાં જણાવ્યું હતું કે, 'મેં શૈક્ષણિક સત્ર 2016-19 માટે સત્યવતી કૉલેજ (સાંજે) DUમાં એડમિશન લીધું હતું અને ત્યાર બાદ મેં શૈક્ષણિક સત્ર 2023-25 માટે MA બૌદ્ધ સ્ટડીઝમાં એડમિશન લીધું હતું. પછી મેં 2023 માં યોજાયેલી DUSU ચૂંટણીમાં ભાગ લીધો. તે સમયે હું આ કોર્સના પ્રથમ વર્ષમાં હતો. આ વખતે પણ મેં યુનિવર્સિટી દ્વારા નિર્ધારિત તમામ પ્રક્રિયાઓનું પાલન કર્યું. આ બંને પ્રસંગોએ, દિલ્હી યુનિવર્સિટીએ મારા દસ્તાવેજોની તપાસ કરી અને સંબંધિત અધિકારીઓને કોઈ ભૂલ જણાઈ નથી. તેમજ તેણે આ બાબતે કોઈ શંકા વ્યક્ત કરી નથી.વાસ્તવમાં, અભિ દહિયા (DUSU વાઈસ પ્રેસિડેન્ટ) એ DUSUના પ્રમુખ તુષાર વિરુદ્ધ નકલી માર્કશીટ બનાવીને DUમાં એડમિશન લેવા બદલ ફરિયાદ નોંધાવી હતી. NSUI DUSU વાઈસ પ્રેસિડેન્ટ અભિએ X પર પોસ્ટ કરીને આ મુદ્દો ઉઠાવ્યો હતો. તેમણે લખ્યું હતું કે, 'દિલ્હી યુનિવર્સિટીના વહીવટીતંત્રના મોટા કૌભાંડનો પર્દાફાશ થયો છે, ચૂંટણીમાં છેતરપિંડી! નકલી દસ્તાવેજો! એબીવીપીના પ્રમુખપદના ઉમેદવાર તુષાર દેધા ચૂંટણી લડવા માટે પણ લાયક ન હતા. હવે ABVP ના DUSU પ્રમુખને હટાવો.

# ચલાલા : ગાયત્રી સંસ્કારધામનાં વડા પૂ.શ્રી.ડો. રતિદાદાનું પરશુરામધામ ખાતે સન્માન






યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ચલાલા ગાયત્રસ સંસ્કારધામનાં વડા પૂ.શ્રી ડો.રતિદાદાને પીએચડી (ડોક્ટર)ની પદવી મળતા તેમજ જર્મની અને ઈટલી ધર્મ પસારની સફળ યાત્રા પૂર્ણ કરતા બગસરા પરશુરામધામ અને સમગ્ર બ્રહ્મ સમાજ દ્વારા ભવ્ય સન્માન કરવામાં આવ્યુ. ત્યારબાદ બધાએ ભોજન પ્રસાદ લીધો હતો. આ સમગ્ર કાર્યકર્મની વ્યવસ્થા મુકેશભાઈ જોશી તથા તેમની ટીમ દ્વારા કરવામાં આવી હતી.

### આ ડીલ નેવીને શક્તિશાળી બનાવશે

# ભારત ૨૬ રાફેલ-એમ જેટ માટે ફ્રાન્સ સાથે સખત સોદાબાજી કરી રહ્યું છે

**ભારત તેના એરક્રાફ્ટ કેરિયર્સ માટે ડસોલ્ટ એવિએશન પાસેથી ૨૬ રાફેલ મરીન જેટ ખરીદવા માટે ફ્રેન્ચ પક્ષ સાથે સખત સોદાબાજી કરી રહ્યું છે**

નવી દિલ્હી, તા.૯

ભારત તેના એરક્રાફ્ટ કેરિયર્સ માટે ડસોલ્ટ એવિએશન પાસેથી 26 રાફેલ મરીન જેટ ખરીદવા માટે ફ્રેન્ચ પક્ષ સાથે સખત સોદાબાજી કરી રહ્યું છે. આ સંરક્ષણ સોદાને લઈને ભારત અને ફ્રાન્સ વચ્ચે બીજા તબક્કાની વાતચીત શરૂ થઈ ગઈ છે. સંરક્ષણ સૂત્રોએ આજતકને જણાવ્યું હતું કે ફ્રેન્ચ પક્ષે રૂ. 50,000 કરોડથી વધુના ખર્ચે 26 રાફેલ મરીન જેટ ઓફર કર્યા છે, જ્યારે ભારતીય પક્ષ કિંમતો અંગે વધુ વાટાઘાટ કરી રહી છે. ફ્રેન્ચ પ્રાઈવેટ એરોસ્પેસ કંપની દસોલ્ટ એવિએશન આ એરક્રાફ્ટ બનાવે છે.ફ્રાન્સના પક્ષે રાફેલ મરીન ફાઈટર જેટને ભારતીય બનાવટના શસ્ત્રોથી સજ્જ કરવા, એર-ટુ-એર મિસાઈલો સહિત, ભારતની જરૂરિયાતો અનુસાર એરક્રાફ્ટમાં જરૂરી ફેરફારો અને એરક્રાફ્ટ કેરિયર્સ પાસેથી ઓપરેશન સહિતનું સંપૂર્ણ પેકેજ ઓફર કર્યું છે સંબંધિત સાધનો. ભારતીય પક્ષ વાટાઘાટોને લઈને એકદમ સ્પષ્ટ છે. તે ભારતીય વાયુસેના દ્વારા મળેલા 36 રાફેલ એરક્રાફ્ટની અગાઉની ડીલનો ઉપયોગ આ ડીલ માટે મૂળ કિંમત તરીકે કરવા માંગે છે.તમને જણાવી દઈએ કે થોડા વર્ષો પહેલા ભારતે ભારતીય વાયુસેના માટે ફ્રાન્સની દસોલ્ટ એવિએશન કંપની પાસેથી •7.97 બિલિયન (¹ 59,991 કરોડ)ની અંદાજિત કિંમતે 36 રાફેલ મલ્ટીરોલ ફાઈટર એરક્રાફ્ટ ખરીદ્યા હતા. આ સરકાર-થી-સરકાર સંરક્ષણ સોદો હતો. રાફેલ મરીન જેટ માટેના સોદામાં ફુગાવાના ખર્ચનો સમાવેશ થશે, જે અગાઉના સોદામાં બંને પક્ષો વચ્ચે સંમત થયા હતા. નૌકાદળ દ્વારા ઉપયોગમાં લેવાતા ટ્વીન એન્જિન જેટ સામાન્ય રીતે વિશ્વભરના હવાઈ દળો દ્વારા ઉપયોગમાં લેવાતા સમાન જેટ કરતાં વધુ ખર્ચાળ હોય છે.કારણ કે દરિયાઈ કામગીરી માટે એરક્રાફ્ટ કેરિયર્સ પર ધરપકડ કરાયેલા લેન્ડિંગ માટે ઉપયોગમાં લેવાતા લેન્ડિંગ ગિયર સહિત વધારાની ક્ષમતાઓ અને ટેક્નોલોજીની જરૂર પડે છે. ભારત અને ફ્રાન્સ વચ્ચે 26 રાફેલ મરીન ફાઈટર જેટની કિંમતો અને અન્ય સંબંધિત મુદ્દાઓ પર ગયા મહિને 12 જૂનની આસપાસ વાતચીત શરૂ થઈ હતી. ભારતીય પક્ષ સાથે આ સંરક્ષણ સોદા માટે વાટાઘાટ કરવા માટેના ફ્રેન્ચ પ્રતિનિધિમંડળમાં તેમના ડિરેક્ટોરેટ જનરલ ઓફ આર્મમેન્ટના અધિકારીઓનો સમાવેશ થાય છે.આ વિમાનો ભારતીય નૌકાદળના એરક્રાફ્ટ કેરિયર INS વિક્રમાદિત્ય અને INS વિક્રાંત પર તૈનાત થવાના છે. ભારતીય નૌકાદળ આ એરક્રાફ્ટને આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમ સ્થિત તેના નેવલ બેઝ INS દેગા ખાતે તૈનાત કરશે. INS દેગા રાફેલ મરીન જેટનું હોમ બેઝ હશે. રાફેલ મરીન અત્યાધુનિક એવિઓનિક્સથી સજ્જ છે, જેમાં થેલ્સ RBE2 AA AESA રડાર અને સ્પેક્ટ્રા ઈલેક્ટ્રોનિક વોરફેર સિસ્ટમનો સમાવેશ થાય છે, જે Meteor BVRAM (વિઝ્યુઅલ રેન્જ એર-ટુ-એર મિસાઈલની બહાર) સાથે સંકલિત છે.રાફેલ મરીનમાં સ્થાપિત આ આધુનિક પ્રણાલીઓ ભારતીય નૌકાદળને દુશ્મનના લક્ષ્યો પર ચોક્કસ હુમલા કરવા, તેના વિમાનો અને સંસાધનોને દુશ્મનના સંભવિત હવાઈ હુમલાઓથી બચાવવા જેવા વિવિધ મિશન હાથ ધરવા સક્ષમ બનાવે છે. રાફેલ મરીનને માત્ર એરક્રાફ્ટ કેરિયર ઓપરેશન્સ માટે જ ડિઝાઈન કરવામાં આવી છે. તે શક્તિશાળી લેન્ડિંગ ગિયરથી સજ્જ છે, જે ટૂંકા રનવે પર પણ ફાઈટર જેટને સંપૂર્ણ ઝડપે ઉતરાણ કરવાની મંજૂરી આપે છે. આ સિવાય આ ફાઈટર જેટ એરેસ્ટ લેન્ડિંગ માટે ટેલ હૂકથી સજ્જ છે. ફોલ્ડ કરી શકાય તેવી પાંખો હોવાને કારણે તેને એરક્રાફ્ટ કેરિયર પર ઓછી જગ્યામાં પાર્ક કરી શકાય છે.

### અલ્ટ્રાટેક સિમેન્ટ કંપનીનાં સીએસઆર દ્વારા

# મોટા લોઠપુર ખાતે માધ્યમિક શાળામાં કિશોરીઓનો હિમોગ્લોબિન ટેસ્ટ કરાયો

**ધો.૯ અને ધો.૧૦ની કિશોરીઓનો ટેસ્ટ થયો**




કોવાયા, તા.૯

અલ્ટ્રાટેક સિમેન્ટ ગુજરાત સિમેન્ટ વકર્સનાં સીએસઆર વિભાગ દ્વારા શ્રી સરકારી માધ્યમીક શાળા મોટા લોઠપુર ખાતે ધોરણ ૯-૧૦ની કિશોરીઓનું હિમોગ્લોબિન ટેસ્ટ કરવામાં આવ્યુ.

અલ્ટ્રાટેક સિમેન્ટ ગુજરાત સિમેન્ટ વકર્સના સીએસઆર વિભાગ દ્વારા મહિલાઓ અને કિશોરીઓના આરોગ્યને ધ્યાને રાખીને તેમના સર્વાંગી વિકાસ માટે વિવિધ કાર્યક્રમો અવારનવાર આયોજિત થતા રહે છે. જેમાં નવતર પ્રયોગ દ્વારા કિશોરીઓ અને મહિલાઓને પોતાના સ્વાસ્થ્ય અંગે જાગૃત કરવામાં આવે છે. સીએસઆરનાં પ્રયાસથી આજે આસપાસનાં ગામોની કિશોરીઓમાં થતા ફેરફાર અને સાવધાની અંગે ઘણી જાગૃતના જોવા મળે છે.

અલ્ટ્રાટેક સિમેન્ટ ગુજરાત સિમેન્ટ વર્કસનાં સીએસઆર વિભાગ દ્વારા શ્રી સરકારી માધ્યમિક શાળા મોટા લોઠપુરમાં ૨૦ જૂન ૨૦૨૪ના રોજ કિશોરીઓના સ્વાસ્થયની જાળવણીને ધ્યાને રાખીને હિમોગ્લોબીન ટેસ્ટીંગ કેમ્પ આયોજિત કરવામાં આવ્યો. કિશોરીઓના સારા સ્વાસ્થ્ય માટે સીએસઆર અલ્ટ્રાટેક સિમેન્ટ કોવાયા તથા પીએચસી નોગેશ્રી એમ સાથે મળીને સંલગ્ન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમા ધોરણ ૯-૧૦ની ૪૪ જેટલી કિશોરીનુ હિમોગ્લોબીન ન ટેસ્ટીંગ સીએસઆર સેન્ટર દ્વારા આપવામાં આવેલ. સ્ટ્રીપ અને મશીન દ્વારા કરવામાં આવ્યુ હતુ. જેમાં એનેમીયાગ્રસ્ત ૧૨ કિશોરીઓને પીએચસી નાગેશ્રી દ્વારા ટેબ્લેટસ અને યોગ્ય આહાર અને આરોગ્યની જાળવણી અંગે ડો. કૃતિકાબેન ઉપાધ્યાય (જીસીડબ્લ્યુ મેડિકલ ટીમ) અને કમ્યુનીટી હેલ્થ ઓફિસર જાગૃતિબેન વાઘેલા દ્વારા સલાહ આપવામાં આવી હતી. અને એફએચડબ્લ્યુ રૂપલબેન વાળા પણ હાજર રહ્યા હતા. તેમજ આ કાર્યક્રમને સફળ બનાવવામાં શ્રી સરકારી માધ્યમિક શાળ ા મોટા લોઠપુરના પ્રિન્સિપાલ સર રમેશભાઈ વસ્તનપરાનો પણ ખૂબ ખૂબ સહયોગ રહ્યો, સાથે સાથે સીએસઆર ટીમ દ્વારા જી.જી. રાવસાહેબના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમને સફળ બનાવવામાં આવ્યો હતો.

### વડોદરા પોલીસ દ્વારા શાંતિ સમિતિની બેઠક યોજાઇ

# મહોરમના તહેવારના લઇને બેઠકનું આયોજન કરાયું

**કાયદો અને વ્યવસ્થા જળવાય તે રીતે તહેવારની ઉજવણી કરવા અપીલ**

વડોદરા, તા.૯

વડોદરામાં મહોરમના તહેવાર શાંતિ પૂર્ણ માહોલમાં ઉજવાય તથા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે માટે પોલીસ વિભાગે ઝોન-૪માં આવતા પોલીસ સ્ટેશન વિસ્તારના શાંતિસમિતિના સભ્યો સાથે બેઠક યોજી હતી. જેમાં કોમી એખલાસ તથા ભાઈચારા સાથે તહેવારની ઉજવણ કરવા અપીલ કરાઇ હતી. ડીસીપી પન્ના મોમાયા, એસીપી એમ.પી.ભોજાણી, જી.બી.બાભણીયા અને તમામ પીઆઇ હાજર રહ્યા હતા.

આગામી મહોરમના તહેવારને લઈને સ્થાનિક પોલીસ વિભાગ વિવિધ વિસ્તોરમાં શાંતિ સમિતિના સભ્યો સાથે બેઠક યોજવાના શરૂ કર્યુંછે. જેમાં ગઇ કાલે ૮ જુલાઇના રોજ વડોદરાના ઝોન -૪માં આવતા સિટી, કારેલીબાગ, કુંભારવાડા, બાપોદ, હરણી, સમા અને વારસીયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં અધિકારીઓ દ્વારા શાંતિ સમિતિના સભ્યો સાથે બેઠકનું આયોજન કરાયું હતું. જેમાં પોલીસ અધિકારીએ મહોરમના તહેવાર દરમિયાન ભાઈચારા સાથે કોમી એકતા જળવાઈ રહે અને શાંતિપૂર્ણ તહેવારની ઉજવણી કરવા અપીલ કરાઇ હતી. તહેવાર દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ના બને તથા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે રીત તહેવારની ઉજવણી કરવા માટે જણાવવામાં આવ્યું હતું. શાંતિ સમિતિની મીટિંગમાં ડીસીપી ઝોન-૪ પન્ના મોમાયા, એસી.પી એમ.પી.ભોજાણી, જી.બી.બાભણીયા તથા વિવિધ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેક્ટર સહિતના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### (VNSGU) ફરી એકવાર વિવાદમાં આવી

# વીર નર્મદ યુનિવર્સિટીમાં મોટાપાયે બોગસ પ્રવેશ આપવાનુ કૌભાંડનો આરોપ

**મોટા પ્રમાણમાં વિદ્યાર્થીઓને BCA, BBA, MBA, B.Scમાં બોગસ પ્રવેશ અપાયાનો આરોપ પૂર્વ સિન્ડીકેટ મેમ્બરે લગાવ્યો છે અને તાત્કાલિક તેના પર રોક લગાવવાની માગ કરી છે**

સુરત, તા.૯

હંમેશા વિવાદોમાં રહેતી સુરતની વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી (VNSGU) ફરી એકવાર વિવાદમાં આવી છે. વીર નર્મદ યુનિવર્સિટીમાં મોટાપાયે બોગસ પ્રવેશ આપવાનુ કૌભાંડ ચાલતુ હોવાનો પૂર્વ સેનેટ સભ્યએ આરોપ લગાવ્યો છે. મોટા પ્રમાણમાં વિદ્યાર્થીઓને BCA, BBA, MBA, B.Scમાં બોગસ પ્રવેશ અપાયાનો આરોપ પૂર્વ સિન્ડીકેટ મેમ્બરે લગાવ્યો છે અને તાત્કાલિક તેના પર રોક લગાવવાની માગ કરી છે.

રાજ્યમાં પેપર લીક થવા, બોગસ સર્ટી બનાવવા જેવી અનેક ઘટનાઓ બની રહી છે. ત્યારે સુરતની વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી(VNSGU)ના પુર્વ સેનેટ સભ્યએ શહેરમાં બોગસ સ્ટડી સેન્ટરોમાં મોટા પ્રમાણમાં બોગસ પ્રવેશ થતો હોવાનો આરોપ લગાવ્યો છે. પુર્વ સેનેટ ભાવેશ રબારી B.C.A., B.B.A., M.B.A., B.Sc. ITના કોર્સ અને પરીક્ષા સહિત સર્ટિફિકેટમાં કૌભાંડ ચાલતું હોવાનો આરોપ લગાવ્યો છે. વિદ્યાર્થીઓને બસમાં ભરી ગાંધીનગર લઈ જઈ ખાનગી યુનિવર્સિટીમાં પરીક્ષા આપી SSIC થકી વિદ્યાર્થીઓને પાસ કરાવી ડિગ્રી આપવાનું કૌભાંડ ચાલતું હોવાની રાજ્યપાલ અને VNSGUના કુલપતિને ફરિયાદ કરી છે.

ઉલ્લેખનીય છે કે VNSGUના કુલપતિને ફરિયાદ કરતા સમગ્ર મામલે તપાસ સમિતિની રચના કરવામાં આવી છે. VNSGUના કુલપતિએ દાવો કર્યો છે કે તપાસ સમિતિ જે રિપોર્ટ આપશે ત્યાર બાદ કાર્યવાહી કરવામાં આવશે.

આ અગાઉ યુનિવર્સિટી માસ્ટર ઓફ આર્ટ્સ ઈકોનોમિક્સની એક્સટર્નલ પરીક્ષાના પરિણામને કારણે વિવાદમાં આવી છે. જ્યારે સ્છની ઈકોનોમિક્સ એક્સટર્નલ પરીક્ષા આપનાર ૧૪૧ વિદ્યાર્થીઓમાંથી માત્ર ૧ વિદ્યાર્થી જ પાસ થયો હતો, જ્યારે બાકીના ૧૪૦ વિદ્યાર્થીઓને નાપાસ થયા છે.

માત્ર એક વિદ્યાર્થી પાસ થતા યુનિવર્સિટી સામે સવાલ ઉઠી રહ્યા છે. ત્યારે પરિણામાં વિસંગતતા મુદ્દે હવે યુનિવર્સિટી સામે સવાલ ઉઠી રહ્યા છે.

# લીલીયા મોટા સિવિલ હોસ્પિટલ ખાતે સગર્ભા માતાઓની તપાસ કરાઈ



લીલીયા મોટા, તા.૯

લીલીયા મોટા સિવિલ હોસ્પિટલ ખાતે તારીખ ૮/૭/૨૦૨૪ને સોમવારનાં રોજ મમતા દિવસ નિમિતે સગર્ભા માતાઓની ડો. ક્રિષ્નાબેન ધામત (ગાયનેકોલોજિસ્ટ નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ હોસ્પિટલ અમરેલી) તથા ડો. હિરેન ચત્રોલા (ઈ.ચા.અધિક્ષક) સા.આ.કે લીલીયા દ્વારા હાથ ધરાઈ. આ નિમિતે બાળકોનું રસીકરણ પણ કરાયેલ છે. જેમાં પરેશભાઈ ગોસાઈ, રોહિતભાઈ માધડ, સીમાબેન ડાભી, અમિતભાઈ ટાંકનો પણ ફાળો રહેલ છે.

ડો.હિરેન ચત્રોલાએ નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ હોસ્પિટલને આગ્રહ પણ કરેલ છે કે મહિનાનાં ૧ અને ૩ સોમવારે ગાયનેકોલોજિસ્ટ દ્વારા સા.આ.કે લીલીયામાં સગર્ભા માતાઓની તપાસ હાથ ધરાઈતો લીલીયાની જનતા માટે ફાયદાકારક રહે તો તે અંગે વિચારવા ડો. રામ ભુવા, નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ હોસ્પિટલ અમરેલી અને આગ્રહ કરેલ છે. તેમ ઈમરાન પઠાણની અખબાર યાદીમાં જણાવેલ છે.

### બેંગલુરુ સ્થિત રેસ્ટોરન્ટ વિરુદ્ધ FIR નોંધવામાં આવી

# વિરાટ કોહલીની રેસ્ટોરન્ટ સામે FIR નોંધાઈ

**વર્લ્ડ કપ કોણ થયા બાદ વિરાટ કોહલી લંડન જવા રવાના થયા હતા**

બેંગલુરુ , તા.૯

ક્રિકેટર વિરાટ કોહલીની રેસ્ટોરન્ટ સામે પોલીસ ફરિયાદ નોંધાવાના સમાચાર સામે આવ્યા છે. મળતી માહિતી મુજબ ટી૨૦ વર્લ્ડકપ જીતનો જશ્ન પૂર્ણ થતાં જ મોડી રાત્રે વિરાટ કોહલી લંડન જવા રવાના થયો હતો કારણ કે, વિરાટ કોહલીની પત્ની અને બાળકો લંડનમાં છે. વિરાટ કોહલી હાલમાં લંડનમાં છે, તે ટી૨૦ વર્લ્ડકપની જીતનો જશ્ન મનાવ્યા બાદ મોડી રાત્રે લંડન જવા માટે રવાના થયો હતો કારણ કે, વિરાટ કોહલીની પત્ની અને બાળકો લંડનમાં છે. ભારતમાં તેની બેંગલુરુ સ્થિત રેસ્ટોરન્ટ વિરુદ્ધ FIR નોંધવામાં આવી છે. હવે સવાલ એ થાય છે કે, પોલિસે શું કાર્યવાહી કરી છે. વિરાટ કોહલીની બેંગ્લુરુ સ્થિત રેસ્ટોરન્ટ વિશે કાર્યવાહીની જાણકારી શહેરના DCP સેન્ટ્રેલે આપી છે.

પ્રાપ્ત માહિતી મુજબ DCP સેન્ટ્રેલે જણાવ્યું કે, તેમણે બેંગ્લુરુના ૩-૪ પબ વિરુદ્ધ ફરિયાદ નોંધી છે. જેના વિરુદ્ધ ફરિયાદ મળી હતી તે રાત્રે મોડી રાત સુધી ખુલ્લી રહે છે. તેમજ જોરશોરથી મ્યુઝિકના અવાજ વગાડવાની પણ ફરિયાદ સામે આવી હતી. શહેરમાં પબ ખુલ્લો રહેવાનો સમય માત્ર રાત્ર ૧ કલાક સુધીનો છે.

# તલાટી કમ મંત્રી અને કમ્પ્યુટર ઓપરેટર લાંચ લેતા ઝડપાયા

સુરત, તા.૯

ગુજરાતમાં ભ્રષ્ટાચાર મુક્તિની વાતો વચ્ચે હજી પણ તંત્રમાં ઘણા લોકો એવા છે જે સુધરવાનું નામ લેતા નથી. પીએમ મોદીની સ્વચ્છ વહીવટની વાતો આ લોકો ઘોળીને પી ગયા છે. સુરત ગ્રામ્યમાં કર્મચારીઓ લાંચ લેતા ઝડપાયા હતા.

સુરતના માંડવીના કરંજના તલાટી કમ મંત્રી અને કમ્પયુટર ઓપરેટર લાંચ લેતા ઝડપાયા છે. જિજ્ઞેશ પટેલ અને પ્રીતેશ વસાવા એસીબીના સકંજામાં આવ્યા છે. તેઓએ મિલકતના નામમાં ફેરફાર કરવામાટે રૂ. ૫,૦૦૦ની લાંચ માંગી હતી. છેવટે વાટાઘોટી પછી રૂ. ૩,૫૦૦ની લાંચ નક્કી કરી હતી. એસીબીએ તેમને રંગે હાથ પકડ્યા હતા. હવે લાંચરુશ્વતવિરોધી ધારા હેઠળ કેસ નોંધીને તેમની સામે કાર્યવાહી કરવામાં આવશે.

# બગસરા ખાતે શુક્રવારે વિના મુલ્યે નેત્ર નિદાન કેમ્પ યોજાશે

બગસરા, તા. ૯

જેસિઝ ગ્રુપ બગસરા સંચાલિત શા. માણેકચંદ મુલચંદ સા. ટ્રસ્ટ આંખની હોસ્પિટલ ખાતે તા. ૧૨.૭.૨૦૨૪ને શુક્રવારના રોજ સ્વ. ડો.પ્રકાશભાઈ રમણીકભાઈ ત્રિવેદી, સ્વ. રંજનબેન પ્રકાશભાઈ, સ્વ. જગદીશભાઈ રમણીકભાઈ, સ્વ. પ્રફુલાબેન રાજુભાઈના સ્મરણાર્થે રાજેષભાઈ રમણીકભાઈ ત્રિવેદી પરિવારના સૌજન્યથી ૫૯૯ મો વિનામુલ્યે નેત્રનિદાન કેમ્પ શ્રી રણછોડદાસજી બાપુ ચેરિટેબલ ટ્રસ્ટ રાજકોટના સહકારથી રાખવામા આવેલ છે. આ કેમ્પમાં મોતિયાના ઓપરેશનની જરૂરીયાત વાળ ા દર્દીઓને વિનામુલ્યે આપરેશન કરી નેત્રમણી બેસાડી દેવામા આવશે. આપરેશન માટે જનાર તમામ દર્દીઓની જમવાની વ્યવસ્થા કાયમી દાતા બગસરાના વતની સુરેશભાઈ રાયઠઠ્ઠા પરિવાર મુંબઈના સહયોગથી કરવામા આવશે. કેમ્પમા ભાગ લેવા ઈચ્છતા દર્દીઓએ પોતાના આધાર કાર્ડની નકલ સાથે રાખી કેમ્પના દિવસે તા.૧૨.૭.૨૪ને શુક્રવારના રોજ સવારે ૯ કલાકે હાજર રહેવા પ્રમુખ પ્રકાશભાઈ રાણીગાની યાદીમા જણાવેલ છે.

# બાબરામાં પૂજય વેલનાથ બાપુના પ્રાગટય મહોત્સવની ઉજવણી સુવાળિયા ઠાકોર સમાજ દ્વારા કરાઈ




બાબરામાં અષાઢી બીજના રોજ દર વરસ ની જેમ આવર્ષે પણ સુવાળિયા ઠાકોર સમાજ અને વેલનાથ પ્રગતિ મંડળના સંયુક્ત ઉપક્રમેં પૂજય વેલનાથ બાપુના પ્રાગટય મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી અહીં ચિતલ રોડપર આવેલ પૂજય વેલનાથ બાપુના મંદિરે સવારે મહાઆરતી મહાપૂજા કરવામાં આવી હતી ત્યારબાદ પૂજય વેલનાથ બાપુની ભવ્ય અને દિવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી જેમાં મોટી સંખ્યામાં સુવાળિયા ઠાકોર સમાજના લોકો પરિવાર સાથે જોડાયા હતા અને શોભાયાત્રા પૂર્ણ થયા બાદ મહાપ્રસાદ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું જેમાં આશરે ૨૫૦૦ જેટલા લોકો એ લાભ મેળવી ધન્યતા અનુભવી હતી. સમગ્ર કાર્યક્રમ ને સફળ બનાવવા વેલનાથ પ્રગતિમંડળ અને સુવાળિયા ઠાકોર સમાજના ભાઈઓ દ્વારા ભારે જહેમત ઉઠાવી હતી.

## અમરેલીનાં જેશીંગપરાનાં પ્રૌઢનું હાર્ટએટેકથી નિધન

અમરેલી, તા. ૯

અમરેલી જેશીંગપરા ગાવડકા રોડ સીતારામ નગરનાં ગેટ સામે ''ગુરુકૃપા''માં રહેતા હંસાબેન હિંમતભાઈ ગંગેરા નામનાં ૫૭ વર્ષીય પ્રૌઢને છેલ્લા સાતેક વર્ષથી લો.બી.પીની બિમારી હોય અને તા.૮ના રોજ સવારનાં નિત્યક્રમ મુજબ નાહી ધોઈને પૂજાપાઠ કરી ઘરના ટેરેસ ઉપર એકલા હતા.ત્યારે બી.પી.ની બિમારીને કારણે સવારના ૬થી ૬:૩૦ વાગ્યાનાં સુમારે અચાનક હદયરોગનો હૂમલો હાર્ટ એટેક આવી જવાથી મરણ થયેલ હોય અથવા તે પોતે પોતાની મેળે કોઈ કારણોસર ઝેરી દવાપી ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## પાના ૮ ઉપરનું ચાલું બગસરા પંથકમાં રમકડા વેચવાનો

ભીમાભાઈ વાઘેલાને જણાવેલ કે તું રમકડા વેચવા પર બવાવડી કેમ ન આવી? તેમ કહેતા મહિલાને સારૂ નહી લાગતા ભીમાભાઈને જેમ ફાવે તેમ ગાળો દેવા લાગેલા અને બાજુમાં રહેતા આરોપી કમુબેન મહેશભાઈ માથાસુરીયા પણ ગાળો દેવા લાગેલા અને ભીમાભાઈએ ગાળો દેવાની ના પાડતા આરોપીઓએ એકદમ ઉશ્કેરાઈ જઈ ફળીયામા પડેલ પથ્થર હાથમાં લઈ છુટ્ટો ઘા તથા છત્રી વડે હાથમાં મુઢ ઈજા કરી આરોપી કાળુભાઈ જીણાભાઈ માથાસુરીયાએ પણ કુહાડી વડે માથાના ભાગે ગંભીર ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાઈ છે.

## પાના ૮ ઉપરનું ચાલું રાજુલાની કાન્હા સ્કૂલનાં

હોય અને રાજુલાની નચિકેતા હોસ્ટેલમાં રહેતો હોય. તે દરમ્યાન ગત તા. ૭ના રોજ રાત્રીના આશરે નવેક વાગ્યે હોસ્ટેલમાં રૂમમાં હતો તે દરમ્યાન રાજુલા ગામે રહેતા મનસુખભાઈએ શ્યામને ઓસરીમાં બોલાવી બે ત્રણ ઝાપટ તેમજ ઢોર માર મારેલ હોય. જે બાબતે તા. ૮ના બપોરના સાડા અગિયારેક વાગ્યે યુવક તથા તેમનો દિકરો શ્યામ બન્ને આરોપી પરેશભાઈ જોષી પાસે રાજુલા–સાવરકુંડલા રોડ પર આવેલ નચિકેતા હોસ્ટેલની ઓસરીમાં તથા રાજુલા કાન્હા સ્કુલની ઓફિસમાં રજુઆત કરવા ગયેલ. તો તેમણે પણ શ્યામને હડધુત કરીને ઓફિસ બહાર કાઢી મુકેલ તેમજ યુવકને પણ બહાર નીકળી જાવ અને તમે જેવા હોય તેવા દેખાય જાવ અને તમે તમારી જાત ઉપર જ આવી જાવ. તેમ કહી યુવકને જ્ઞાતિ પ્રત્યે હડધુત કરી અપમાનિત કર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

## અવસાન નોંધ

**બાબાપુર :** સરંભડા નિવાસી ભીમજીભાઈ ખીમાભાઈ બાજરીયા (ઉ.વ. ૯૦) તે માવજીભાઈ તથા ચંદુભાઈના પિતાશ્રીનું તા. ૮ને સોમવારના રોજ અવસાન થયેલ છે. સદ્ગતની ઉતરક્રિયા તા. ૧૯/૦૭ને શુક્રવારના રોજ રાખેલ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૦૦ | ૧૧૭૩ |
| ૨ | શિંગ મોટી | ૧૦૦૦ | ૧૧૯૩ |
| ૩ | શિંગદાણા | ૧૩૦૦ | ૧૫૭૪ |
| ૪ | શિંગદાણા ફાડ | ૧૩૦૦ | ૧૪૫૧ |
| ૫ | તલ સફેદ | ૧૫૭૫ | ૨૬૬૦ |
| ૬ | તલ કાળા | ૨૫૧૧ | ૩૩૨૫ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૯૪૦ | ૩૪૦૧ |
| ૮ | બાજરો | ૨૬૯ | ૪૬૨ |
| ૯ | જુવાર | ૬૦૦ | ૮૩૦ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૪૭૫ | ૫૯૨ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૯૧ | ૫૯૩ |
| ૧૨ | મગ | ૧૨૦૦ | ૧૫૩૧ |
| ૧૩ | ચણા | ૧૦૩૦ | ૧૨૯૫ |
| ૧૪ | કપાસ | ૯૯૦ | ૧૫૪૧ |
| ૧૫ | એરંડા | ૧૦૯૯ | ૧૧૪૫ |
| ૧૬ | જીરૂ | ૧૫૭૦ | ૫૨૭૦ |
| ૧૭ | ધાણા | ૯૫૦ | ૧૩૦૦ |
| ૧૮ | અજમા | ૧૫૦૦ | ૨૨૦૦ |
| ૧૯ | સોયાબીન | ૮૩૭ | ૮૫૭ |
| ૨૦ | રજકાનું બી | ૪૪૬૦ | ૪૮૧૦ |

## પાના ૧ ઉપરનું ચાલું બાબરાનાં વલારડીમાં

રામાણીની વાડીમાં આવેલ ૧૦૦ ફુટ ઉંડા કૂવામાં બાળકી પડી ગયાની જાણ અમરેલીના ફાયર વિભાગને થતા સમગ્ર ટીમે ઘટના સ્થળે દોડી જઈને બાળકીને બચાવવાનો પ્રયાસ કરેલ. પરંતુ અંતે બાળકીનો મૃતદેહ હાથ લાગતા પોસ્ટ મોર્ટમની કામગીરી શરૂ કરવામાં આવી છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે, અમરેલી જિલ્લામાં કૂવાઓ નાના બાળકો અને વન્યપ્રાણીઓ માટે જોખમરૂપ બની રહ્યા હોય કૂવાઓને રક્ષિત કરવા અને જનજાગૃત અભિયાન ચલાવવુ જરૂરી બન્યુ છે.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલી પંથકમાં સમી સાંજે

અઠવાડિયાના વિરામ બાદ મેઘરાજાની પધરામણી થતાં જ ધારી શહેરમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. ધારી ઉપરાંત ધારી તાલુકાના ચલાલા, ઝર, મોરઝર, છતડીયા, માણાવાવ તથા ગીર કાંઠાના દલખાણીયા સહિતના ગામોમાં વરસાદ પડતાં એક અઠવાડિયાના વિરામ બાદ મેઘરાજાની પધરામણી થતાં ખેડૂતઓએ વરસાદને વધાવ્યો હતો.

સાવરકુંડલા પંથકના જીરા, સિમરણ ગામે ધોધમાર વરસાદ પડતાં જીરા અને સિમરણ ગામના ખેતરો પાણીમાં તરબતર થયા હતા.

લાઠી શહેર તથા લાઠી પંથકમાં ધોધમાર વરસાદ પડયો હતો. જેને લઈ લાઠીની બજારો પાણી પાણી થઈ જવા પામેલ હતી. લાઠી ગ્રામ્યના ચાવંડ, વીરપુર, નાના રાજકોટ, શેખ પીપરીયા, હરસુરપુર દેવળીયા, વાડલીયા સહિતનાં ગામોમાં ધોધમાર વરસાદ પડયો હતો.

ખાંભા તાલુકાના ગીરના ગામડાઓમાં પણ સવારે વરસાદ શરૂ થયો હતો.જેમાં રબારીકા, સાળવા, પીપળીયા, પચપચીયા, આંબલીયારા, દલડી સહિત ગામોમાં મુશળધાર વરસાદથી ગામડાઓની શેરીઓમાં પાણી વહેતા થયા હતા. વાવણી બાદ બીજા રાઉન્ડમાં વરસાદ શરૂ થતા જગતનો તાત ખુશખુશાલ જોવા મળતો હતો.

જાફરાબાદના દરિયા કાંઠાના કોસ્ટલ બેલ્ટ પંથકમાં પણ પવન સાથે ધોધમાર વરસાદ પડયો હતો. ઉપરાંત જાફરાબાદ શહેર સાથે ગ્રામ્ય વિસ્તારોમાં જેવા કે લોર, ટીંબી, ફાચરીયા, હેમાળ, બાબરકોટ, મિતીયાળા, લોઠપુર, વઢેરા, કડીયાળી ગામોમાં વહેલી સવારથી વરસાદ શરૂ થયો હતો.

રાજુલા તાલુકાના ચોતરા, મીઠાપુર સહિત ગામોમાં ધોધમાર વરસાદ પડતાં ચોતરા ગામની શેરીઓમાં પાણી વહેતા થયા હતા.

આજે સવારનાં ૬ વાગ્યાથી રાત્રીનાં આઠ વાગ્યા સુધીમાં વડિયામાં ૪૨ મી.મી., બાબરામાં ૧૫ મી.મી., લાઠીમાં ૮૭ મી.મી., લીલીયામાં ૧૨ મી.મી., અમરેલીમાં ૧૭ મી.મી., બાબરામાં ૬૯ મી.મી., ધારીમાં ૭ મી.મી., સાવરકુંડલામાં ૨ મી.મી., જાફરાબાદમાં ૨૧ મી.મી. તથા રાજુલામાં ૩ મી.મી. વરસાદ નોંધાયો હતો.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ઘઉં | ૪૯૦ | ૪૯૦ |
| ૨ | ધાણા | ૧૨૫૦ | ૧૨૭૨ |
| ૩ | રાઈ | ૧૦૮૯ | ૧૦૮૯ |
| ૪ | સોયાબીન | ૮૩૯ | ૮૩૯ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૫૦ | ૧૧૩૧ |
| ૨ | શીંગ મોટી | ૧૧૦૦ | ૧૧૫૧ |
| ૩ | શીંગદાણા | ૧૭૦૦ | ૨૦૨૧ |
| ૪ | તલ સફેદ | ૨૨૫૦ | ૨૫૬૫ |
| ૫ | જીરૂ | ૪૦૦૦ | ૫૪૦૦ |
| ૬ | કપાસ | ૧૨૨૫ | ૧૫૦૪ |
| ૭ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૧૮ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૫૮ |
| ૯ | બાજરો | ૪૦૦ | ૪૫૦ |
| ૧૦ | જુવાર | ૫૦૦ | ૮૪૯ |
| ૧૧ | મકાઈ | ૫૦૦ | – |
| ૧૨ | મગ | ૧૫૦૦ | ૧૫૮૦ |
| ૧૩ | ચણા | ૧૦૫૦ | ૧૨૭૩ |
| ૧૪ | તુવેર | ૧૭૫૦ | ૨૧૦૦ |
| ૧૫ | એરંડી | ૯૫૦ | ૧૦૬૬ |
| ૧૬ | મેથી | ૧૧૦૦ | – |
| ૧૭ | સોયાબીન | ૮૧૧ | ૮૯૩ |

## પાના ૮ ઉપરનું ચાલું બાબરા પંથકમાં બપોર બાદ

પડી જતા બજારોમાં પાણી દોડવા લાગ્યું હતુ. તો ગ્રામ્ય વિસ્તારોમાં ચમારડી, રાણપર, વાવડી,ખાખરીયા, દરેડ, મોટા દેવળીયા ઉટવડ માં એક ઈંચ વરસાદ પડી જતા ખેડૂતમાં લાંબા સમય વરસાદની રાહ જોવાથી વાડી ખેતરોમાં મોલાતને પિયતનાં સમયે વરસાદ ફરી આવી જતા ખેડૂતોમાં રાહતની લાગણી જોવા મળી હતી.

## પાના ૮ ઉપરનું ચાલું પી.પી. સોજીત્રા ફાઉન્ડેશનનો દબદબાભેર પ્રારંભ

અમરેલીનાં જરૂરિયામંદ તેજસ્વી વિદ્યાર્થીઓના શિક્ષણક્ષેત્રે આગળ વધવા માટે ખર્ચ કરવામાં આવશે અને આ રકમ તેઓને વગર વ્યાજની લોન તરીકે આપવામાં આવશે એટલે કે વિદ્યાર્થી જયારે ભણી–ગણીને પગભર થાય ત્યારે તેણે સહાય કરવામાં આવેલ મુદલ રકમ ટ્રસ્ટને પરત આપવાની રહેશે. જેથી ભવિષ્યમાં વધારે વિદ્યાર્થીઓને મદદરૂપ થઈ શકાય અને આ ટ્રસ્ટ કોઈપણ જ્ઞાતિના દિકરા–દિકરીઓને માટે કામ કરશે તેમજ આ ટ્રસ્ટમાં વિદ્યાર્થીઓની પસંદગી માટે સભ્યોની કમિટી બનાવવામાં આવેલ છે. જેમાં ચેરમેન તરીકે પી.પી. સોજીત્રા, સભ્ય તરીકે અ.ના.સ. બેંકના વાઈસ ચેરમેન ભાવિનભાઈ સોજીત્રા, માર્કેટયાર્ડનાં ચેરમેન શૈલેષભાઈ સંઘાણી, અમરેલી નાગરિક બેંકના વાઈસ ચેરમેન જયેશભાઈ નાકરાણી, રેડક્રોસ સોસાયટીનાં પ્રમુખ ડો. ભરતભાઈ કાનાબાર, ચાર્ટડ એકાઉન્ટન્ટ એ.ડી. રૂપારેલ, આર્કિટેક વનરાજ પટેલ, આહિર સમાજ યુવા પમુખ કમલેશભાઈ ગરાણીયા, એડવોકેટ ચેતનભાઈ રાવળ, ક્ષત્રિય સમાજનાં આગેવાન ડો. આનંદભાઈ કામળીયા, દલિત સમાજનાં અગ્રણી તેમજ નુતન સ્કુલનાં આચાર્ય તુલસીભાઈ મકવાણા મહારાષ્ટ્રીયન સમાજનાં અગ્રણી તરંગભાઈ પવાર, સગર સમાજનાં અગ્રણી દિલીપભાઈ ભેસાણીયા, મુસ્લીમ સમાજનાં અગ્રણી ઉદ્યોગપતી નાસીરભાઈ ટાંક, બાવાજી સમાજનાં કામધેનું ગૌશાળાના પ્રમુખ ધર્મેન્દ્રગીરી ગોસાઈ, કડીયા સમાજનાં અગ્રણી મધુભાઈ આજુગીયા, સુતાર સમાજનાં આગેવાન નિતીનભાઈ બોરાણીયા, કોળી સમાજનાં અગ્રણી ડો. સાપરીયા, સોની સમાજનાં આગેવાન કેતનભાઈ મુંજપરા, લુહાર સમાજનાં અગ્રણી ડો. પી.પી. પંચાલ, બ્રહ્મ સમાજનાં અગ્રણી શીક્ષણનાં ભેખધારી એવા બાબાપુર સર્વોદય આશ્રમનાં પ્રમુખ મંદાકીનીબેન પૂરોહિત આમ, કુલ ૨૧ સભ્યોની પૈકી દરેક પાસેથી મેળવી શકાશે. ઉપરાંત, અમરેલીનાં જુના માર્કેટયાર્ડ (સબયાર્ડ) ઓફીસ ખાતેથી પણ મેળવી શકશે તેમજ ફોર્મ પરત કરવાની છેલ્લી તા. ૧૫/૯/૨૪ પહેલાં જમાં કરાવવાનું રહેશે. જેમાં કમિટી કોઈપણ ૧ (એક) સભ્યની ભલામણ સાથેની સહિ કરાવીને ફોર્મ જમાં કરાવવાનું રહેશે.

ઉપકરોત ટ્રસ્ટ દ્વારા અમરેલીનાં વિદ્યાર્થીઓ શૈક્ષણિક ક્ષેત્રે આગળ વધે તે અંગે તમામ પ્રયત્નો કરવામાં આવશે. એવું રેડકોસ સોસાયટીનાં પ્રમુખ ડો. ભરતભાઈ કાનાબારની યાદિમાં જણાવેલ છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૦૩ | ૧૫૭૭ |
| ૨ | મગફળી | ૧૦૮૫ | ૧૧૩૫ |
| ૩ | જીરૂ | ૪૮૪૦ | ૫૨૦૦ |
| ૪ | ઘઉં | ૪૯૪ | ૫૧૬ |
| ૫ | તલ સફેદ | ૨૩૬૫ | ૨૪૨૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૪૧૦ |
| ૨ | ચણા | ૧૧૭૦ | ૧૨૪૮ |
| ૩ | મગ | ૧૩૯૦ | ૧૪૫૦ |
| ૪ | ઘઉં લોકવન | ૪૯૬ | ૫૪૩ |
| ૫ | ઘઉં ટુકડા | ૫૩૦ | ૫૩૦ |
| ૬ | તલ સફેદ | ૨૧૦૦ | ૨૪૮૨ |
| ૭ | સોયાબીન | ૭૦૦ | ૮૨૫ |
| ૮ | જુવાર | ૪૦૦ | ૪૦૦ |
| ૯ | બાજરો | ૩૬૦ | ૩૬૦ |
| ૧૦ | એરંડી | ૧૦૨૫ | ૧૦૫૫ |
| ૧૧ | શીંગદાણા | ૧૪૧૫ | ૧૬૫૫ |
| ૧૨ | મેથી | ૮૩૫ | ૮૩૫ |
| ૧૩ | ધાણા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૧૪ | શીંગફાડા | ૧૪૦૦ | ૧૪૦૦ |

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલીનાં શિક્ષણવિદ્ને ''રાધિકા હોસ્પિટલ''માં

કે ગોળ હોસ્પિટલ માં? મેં કીધું હા, તરત જ મેં ગોળ હોસ્પિટલ (રાધિકા હોસ્પિટલ) ના અર્પણ જાનીને ફોન કર્યો અને હોસ્પિટલ ગયો. ઈમરજન્સી વિભાગમાં મારૂં લેન્ડિંગ થયું ડોકટરોની ટીમ આવી અને મારૂં બીપી ચેક કર્યુ, બીપી ૨૦૦ ઉપર આવ્યું એટલે તત્કાલ મને આઈસીયુમાં ટ્રાન્સફર કરીને મારી સારવાર ચાલુ કરી, મારી કિલનિકલ પોઝિશન સ્ટેબલ થઈ એટલે મને રાત્રે રૂમમાં ટ્રાન્સફર કર્યો, હવે હું જે રૂમમાં ગયો તો મને થોડીકવાર એમ થયું કે હું કોઈ ફાઈવસ્ટાર હોટલમાં આવ્યો છું, એવો ફસ્ટ કલાસ રૂમ, બેડ, સોફા, ફર્નિચર, ટીવી, એસી કાંઈ બાકી જ નહીં હોસ્પિટલમાં આમ તો કોઈને ગમે નહીં પણ હું ત્રણ દિવસ રોકાઈ ગયો, સાલું ઘરે જવાનું મન ના થાય એવી સુવિધા અને નર્સિંગ સ્ટાફની સર્વિસ, ચોથા વર્ગના કર્મચારીઓની સર્વિસ, ડોકટરોની સર્વિસ અને વ્યવહાર ગજબ હો, માણસ એમનેમ સાજો થઈ જાય. ડોકટરોનો અને એના નર્સિંગ સ્ટાફનું વ્યવહારથી માણસ ૫૦% તો એમને એમ સાજા થઈ જાય.

અને ખાસ અમરેલીમાં આવું અદ્યતન ઈન્ફ્રાટ્રકચરથી સુસજજ હોસ્પિટલ બનાવવાનું વિચાર કોઈને આવે ને તો એ ખરેખર કાબીલેદાદ છે અને નેત્ર ચિકિત્સા ટ્રસ્ટના સમગ્ર ટ્રસ્ટીગણને હૃદયથી વંદન કરૂં છું કે, અમરેલી જેવા નાના શહેરમાં મેટ્રો સિટીને શરમાવે તેવી અને મોટી મોટી કંપનીઓની કોર્પોરેટ હોસ્પિટલોને પણ પાછળ રાખી દે તેવી સુવિધા અને એ પણ સાવ ન જીવા ચાર્જ સાથે ચલવવવી અને નિર્માણ કરવી એ ખરેખર અમરેલી માટે ગૌરવની વાત છે. મને આજે ખરેખર એમ થયું કે અમરેલી માટે ગૌરવ લેવા જેવી હોસ્પિટલ હોય તો રાધિકા સુપર સ્પેશ્યાલિસ્ટ હોસ્પિટલ છે. આટલું બોલવામાં કોઈ અતિશયોકિત નથી. આગળ મેં કીધું એમ 'અમરેલીની અજાયબી' સમાન રાધિકા હોસ્પિટલમાં દર્દી નારાયણની ખરેખર સાચા અર્થમાં સેવા થઈ રહી છે, એનો આજે હું સાક્ષી બન્યો છું અને ખાસ કરીને મેનેજમેન્ટ અને મેનેજમેન્ટ કરતાની નિષ્ઠા અને કામ કરવાની તત્પરતાનું પરિણામ મેં આજે રૂબરૂ જોયું. હું પણ હોસ્પિટલ મેનેજમેન્ટથી ડાયરેકટ અને ઈનડાયરેકટ પરિચિત છું, મારા જીવનમાં પણ આ કામ કરવાનો નાનકડો અવસર મને મળેલો પણ ખરેખર જે વિઝનથી હોસ્પિટલનું નિર્માણ થયું અને એ વિઝનથી હોસ્પિટલ ચાલી રહી છે એના વખાણ કરવા માટે મારી પાસે શબ્દોની મારામારી થઈ ગઈ છે. હોસ્પિટલ મેનેજમેન્ટની ખૂબ મોટી દુનિયામાં ડોકટર અર્પણ જાનીને નાનકડો પણ મેનેજમેન્ટ કિંગ ગણવો પડે એ સો ટકા સત્ય છે. અને ડોકટર જાગૃતિબેન ચાંડપા તથા ડોકટર ગાબાણી બંનેના વ્યવહાર વર્તનથી પણ ખૂબ પ્રભાવિત છું. મેનેજમેન્ટના એક મિત્ર વસીમભાઈ સાવ ખડેપગે કેવું પડે એની કામગીરી પણ બિરદાવી પડે. સર્વિસ સેકટરમાં નાના કર્મચારીઓ ઘણી વખત મજબૂરી વસ કામ કરતા હોય એટલે એનું કામમાં એની મજબૂરી દેખાતી હોય પણ રાધિકા હોસ્પિટલના ચોથા વર્ગના અને નર્સિંગ વિભાગના આ સર્વિસ સેકટરના તમામ કર્મચારીઓ ડેડીકેટ અને ખડેપગે સેલ્યુટ છે બધા જ કર્મચારીઓ. આખું મેનેજમેન્ટની બધી પોઝિટિવ વાતો લખવા માટે મોબાઈલની સ્કીન ટૂંકી પડે પણ અમરેલીમાં આટલુ સરસ કામ થાય છે એટલું જ જોઈને પણ મને અમરેલી ઉપર ગૌરવ થાય છે. એકદમ સ્વસ્થ થઈને ઘરે આવી ગયો છું થેન્કસ ઓલ ડિયર સ્ટાફ એન્ડ સ્પેશિયલ થેંક.

**ડોકટર જાગૃતિબેન ચાંડપા વિશે કહેવું છે કે,** પેશન્ટ પ્રત્યેની તેમની ભાવનાઓ દિલ જીતી લે છે. ૨૪ કલાકના મારા ઓબ્ઝર્વેશનમાં દર કલાકે મારૂં બીપી માપવામાં આવતું અને દર કલાકે મેડમને રિપોર્ટ થતો હતો અને દર કલાકે મેડમ ગાઈડલાયન આપતા હતા. રવિવારની રજા હતી એક પેશન્ટ ઈમર્જન્સીમાં આવેલું હોય માત્ર એક પેશન્ટ માટે રવિવાર હોવા છતાં પોતે પ્રેસન્ટ ચેક કરવા આવ્યા. જાગૃતિબેનનો સ્વભાવ એક અનુભવી અને ફૂલ મેચ્યોર ડોકટરને શોભે એવો. કદાચ મારી ક્રિટિકલ કન્ડિશન જોઈને ડોકટર એવું કહી શકતા હતા કે રાજકોટ, અમદાવાદ લઈ જાવ પણ પોતાના પર કોન્ફિડન્સ હશે ડોકટરને અને મારી સારવાર કરી હું બિલકુલ સ્વસ્થ થઈ ગયો. દર્દી સાથેનું ડોકટરનો વ્યવહાર એ ખૂબ જ મહત્વની ભૂમિકા છે અને એ ભૂમિકામાં ડોકટર જાગૃતિબેન પારંગત છે. એ મેં અનુભવ્યું છે.

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | ૨૪૦૦ | ૨૫૦૧ |
| ૨ | કપાસ | ૧૩૫૦ | ૧૫૦૦ |
| ૩ | બાજરો | ૪૪૧ | ૫૦૭ |
| ૪ | ઘઉં ટુકડા | ૪૮૨ | ૪૮૬ |
| ૫ | જુવાર | ૫૬૦ | ૮૬૯ |
| ૬ | મગ | ૧૪૦૧ | ૧૪૦૧ |
| ૭ | તુવેર | ૧૯૮૭ | ૧૯૮૭ |
| ૮ | ચણા | ૧૧૯૦ | ૧૨૦૬ |
| ૯ | જીરૂ | ૫૩૫૦ | ૫૩૫૦ |
| ૧૦ | સોયાબીન | ૮૦૦ | ૮૫૦ |

# સાવરકુંડલામાં આકાર પામતા અમૃત રેલ્વે સ્ટેશનની કરાઈ સમીક્ષા






સાવરકુંડલામાંનવનિર્મિત આકાર પામતુંઅમૃતરેલ્વેસ્ટેશનખાતે સાંસદ ભરતભાઈ સુતરીયા અને ધારાસભ્ય મહેશ કસવાળાએ કામગીરીની સમીક્ષા કરવા પહોચ્યા હતા નેરેલ્વેવિભાગનાઅધિકારીઓને રેલવેનું ગરનાળું બે ફૂટ પહોળું કરવા અને શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્યમંદિર અને સાવરકુંડલા એપીએમસી નજીકનું રેલ્વે ફાટક પર ઓવર બ્રિજ આકાર પામે તે અંગે ખાસ સૂચનાઓ સાંસદ અને ધારાસભ્યએ રેલ્વે વિભાગના અધિકારીઓને આપેલ હતી ને અમૃત રેલ્વે સ્ટેશન ખાતે થતી હાલની કામગીરીઓ અંગે બારીકાઈ થી નિરીક્ષણ સાથેની સમીક્ષા કરીને સાંસદ ભરતભાઈ સુતરીયા અને ધારાસભ્ય મહેશ કસવાળાએ અમરેલી જિલ્લામાં એકમાત્ર બનતા અમૃત રેલ્વે સ્ટેશન અંગે બહાર હોર્ડિંગ અને મુસાફરો માટેના મુસાફર કક્ષ સહિત આખા રેલ્વે સ્ટેશન પર થતી કામગીરીઓ અંગે જાણકારી મેળવી હતી ને જેસર રોડ જવા માટે રેલ્વે બ્રિજ નીચેના ગરનાળા બે ફૂટ પહોળા બને તે અંગેની ખાસ રજુઆત કરવામાં આવી હતી સાથે સાથે સાવરકુંડલા શહેર તાલુકાની જનતા માટે આશીર્વાદ રૂપ ગણાતી નિઃશુલ્ક શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર અને ખેડૂતોની ખેત જણસો વેચાણ માટેના એપીએમસી જવાના એકમાત્ર માર્ગ પર રેલ્વે ફાટક પર રોજબરોજની પેસેન્જર ટ્રેઈન અને માલગાડી ટ્રેઈનથી ફાટક અવારનવાર બંધ કરવા પડતાં હોવાથી આરોગ્ય મંદિરમાં દર્દીઓને પહોચાડવા હાલાકી ના પડે તે માટે સાંસદ ભરતભાઈ સુતરીયા અને ધારાસભ્ય મહેશ કસવાળાએ રેલ્વે વિભાગના ડી.એન. જોષી અને રેલ્વે વિભાગ ભાવનગર ના અધિકારીઓને સ્પેશ્યલ રેલ્વે ફાટક ઉપર બ્રિજ બની શકે તેવી ખાસ વ્યવસ્થાઓ થાય તેવી હૃદયસ્પર્શી માંગણી કરેલ હતી જયારે સાંસદ બન્યા બાદ પ્રથમવાર અમૃત રેલ્વે સ્ટેશનની સમીક્ષા કરવા પહોંચેલા ભરતભાઈ સુતરીયાએ એક એક કામગીરીઓ પર સમીક્ષા કરી ને જરૂરી સૂચના અને માર્ગદર્શન રેલ્વે બાબુઓને આપ્યું હતું આ અમૃત રેલ્વે સ્ટેશન સમીક્ષામાં રેલવેના અધિકારી ડી.એન.જોશી તથા રેલવેની ભાવનગરની ટીમ દ્વારા સાંસદ અને ધારાસભ્યને સન્માનિત કરવામાં આવ્યા હતા આ પ્રસંગે સાવરકુંડલા યાર્ડના ચેરમેન દીપકભાઈ માલાણી, સાવરકુંડલા શહેર ભાજપ પ્રમુખ પ્રવીણભાઈ સાવજ, મહામંત્રી વિજયસિંહ વાઘેલા, રાજુભાઈ નાગ્રેચા, અમરેલી જિલ્લા ભાજપ ઉપાપ્રયક્ષ શરદભાઈ પંડ્યા, નગરપાલિકાના પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, ઉપપ્રમુખ પ્રતિકભાઈ નાકરાણી, સાવરકુંડલા તાલુકા પંચાયતના પ્રમુખ જીતુભાઈ કાછડીયા, પાલિકાના પૂર્વ પ્રમુખ કેશુભાઈ વાઘેલા, નગરપાલિકાના ચેરમેનઓ, સાવરકુંડલા યુવા પ્રમુખ હિતેશભાઈ, સાવરકુંડલા તાલુકા ભાજપ યુવા પ્રમુખ મહેશભાઈ ભાલાળા તથા અગ્રણી આગેવાનો ઉપસ્થિત રહેલ હતા તેમ સત્વ અટલધારા કાર્યાલયના ઈન્ચાર્જ જે.પી. હીરપરાએ અખબારી યાદીમાં જણાવ્યું હતું.

### જિલ્લાભરનાં ગૌરક્ષકોની રજૂઆત બાદ

## અંતે બાબરાનાં ગૌરક્ષક ગજેન્દ્રભાઈ શેખવાનો ''પાસા'' હેઠળ થયેલ અટકાયતથી છૂટકારો

### પોલીસ વિભાગને પારોઠનાં પગલા ભરવા પડયા

અમરેલી,તા.૯

અમરેલી જિલ્લા કલેકટરને બાબરા ગૌરક્ષક ગજેન્દ્રભાઈ શેખવાના સમર્થનમાં ક્ષત્રિય સમાજ અગ્રણી નિર્મળ ભાઈ ખુમાણ, સુખાભાઈ વાળા, ટીશુભાઈ વાળા માયાપદર, સુરેશભાઈ શેખવા, મજબૂતભાઈ બસિયા, દિલાભાઈ વાળા, રવિભાઈ શેખવા, ભગીરથભાઈ શેખવા, રાજુભાઈ બસીયા પત્રકાર તેમજ શિવરાજભાઈ ખાચર, વી.એચ.પી. પૂર્વ પ્રમુખ હસુભાઈ દુધાત, રઘુવંશી સમાજ પ્રમુખ બન્ટીભાઈ, રાષ્ટ્રીય બજરંગદળ બાબુલ ત્રિવેદી, મહાવીરભાઈ વિછિયા, વી.એચ.પી.પ્રમૃખઈતેશભાઈ મહેતા, શહેર પ્રમુખ પ્રતાપસિંહ, નાગદેવતા મંદિર હાર્દિકબાપુ, દિનેશભાઈ ભરવાડ, વિપુલભાઈ ગજેરા, પાર્થિવભાઈ જોશી, આંતરાષ્ટ્રીય હિન્દુ પરિષદ સૌરાષ્ટ્ર પ્રાંત અધ્યક્ષડો. ગજેરા, ઉપાધ્યક્ષમમસુખભાઈ, પ્રાંત એડવોકેટ પ્રમુખ દડુભાઈ ખાચર, વિભાગઅધ્યક્ષ ડો. દેસાણી, જિલ્લાઅધ્યક્ષ સુરેશભાઈ સોલંકી, રાષ્ટ્રીય બજરંગદળ જિલ્લાઅધ્યક્ષડી.ભાઈ બામટા, જિલ્લામંત્રી જીલુભાઈ વાળા, છાત્રપરિષદ જિલ્લા અધ્યક્ષ જીતભાઈ કાબરીયા, બજરંગદળ મોહનભાઈ, મહેશભાઈ ચોટલીયા, રાહુલભાઈ, સંજયભાઈ પોપટ, બાબરા ગૌ ભકતો ની ટિમ તેમજ ધાર્મિક સામાજિક, રાજકીય મહાનુભાવોની મોટી સંખ્યામાં હાજરી રહેલ અને ગૌભકત ગજેન્દ્રભાઈ શેખવાના સમર્થનમાં આવેદન આપેલ.

તેમજ લીલીયા તાલુકામાં પણ નિર્મળભાઈ ખુમાણ, રમેશભાઈ ભડકોલિયા અને તાલુકા ટીમ દ્વારા લીલીયા મામલતદારને ગજેન્દ્રભાઈના સમર્થનમાં આવેદનઆપેલ.

રાજુલા મામલતદારને એ.એચ.પી. જિલ્લા ઉપાધ્યક્ષ મહેશભાઈ હીરાણી, મહામંત્રી ઉમેશભાઈ વારુ, અશોકભાઈ ધાખડા, અજયભાઈ વાળા, રવિભાઈ, કમલેશભાઈ, દિનેશભાઈ, અલ્પેશભાઈ તેમજ સા.કુંડાલા શ્રી કૃષ્ણ જન્મોત્સવ સમિતિ, નિકુંજભાઈ સોંડાગર, જયભાઈ સરવૈયા, નિલેશભાઈ બારૈયા, દિપકમહારાજ, આદિત્યભાઈ કંસારા તથા સા.સમગ્ર ટીમ દ્વારા ગજેન્દ્રભાઈના સમર્થનમાં આવેદન આપેલ.

લાઠી મામલતદારને ગજેન્દ્રભાઈના સમર્થનમાં આવેદન આપેલ.

બાબરા વેપારી મહામંડળ ટ્રસ્ટ એસોશીયન, ચેબર ઓફ કોમર્સ, ભારતીય કિસાન સંઘનાં કાર્યકર્તાઓ, બાબરા પાંજરાપોર ટ્રસ્ટ, જીવદયા ટ્રસ્ટ, વિશ્વહિન્દુ પરિષદ દ્વારા ગૌરક્ષક ગજેન્દ્રભાઈના સમર્થનમાં આવેદનમામલતદારને બાબરમાં આપેલ.

આજ રોજ તારીખ. ૯/૭/૨૦૨૪નના રોજ ગેજેન્દ્રભાઈ શેખવાના પાસા રદ થયા. આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના ગજેરાનાં માર્ગદર્શન નીચે સાથ સહકાર આપનાર અમરેલી વિશ્વહિન્દુ પરિષદ અધ્યક્ષ ઈતેશભાઈ મહેતા અને સમગ્રટીમ, રાજુલા આંતરરાષ્ટ્રીયહિન્દુ પરિષદ ટીમ, લીલીયા ટીમ, સા.કુંડલા ટીમ, લાઠી ટીમ, બાબરા ટીમ, ધારી ટીમ તેમજ સાધુ સંતો, સામાજિક અગ્રણીઓ રાજકીય અગ્રણીઓ તમામના સાથ સહકારથી સત્યનો વિજય થયો છે. ત્યારે તમામનો સહ હદય આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ સૌરાષ્ટ્ર પ્રાંત અધ્યક્ષ ડો. ગજેરા આભાર વ્યકત કરે છે.

## બાબરાનાં કરિયાણા અને માધુપુર ગામે માઈક્રો એરિગેશનની મંજુરી આપવા માંગ

### ધારાસભ્ય તળાવીયાએ પાણી પુરવઠા મંત્રીને રજૂઆત કરી

અમરેલી,તા.૯

લાઠી-બાબરાનાં ધારાસભ્ય જનકભાઈ તળાવીયા વિસ્તારના પ્રશ્નને લઈને હંમેશા લોકોની સેવામાં ખડે પગે જોવા મળતા હોય છે. ત્યારે બાબરા તાલુકાના કરિયાણા અને માધુપુર ગામના કાળુભાર ડેમના કમાન્ડ એરિયામાં ૧૦૦ટકા માઈક્રો એરિગેશન માટે પાયલોટ પ્રોજેકટની મંજુરી આપવા માટે પાણી પુરવઠા અને રાજય કક્ષાના જળ સંપતિ અને પાણી પુરવઠા મંત્રી મુકેશભાઈ પટેલને રજુઆત કરવામાં આવી હતી. લાઠી-બાબરા વિસ્તારના ધારાસભ્ય જનકભાઈ દ્વારા લખવામાં આવેલ પત્રમાં જણાવવામાં આવ્યુ હતુ કે, ઉપરોકત વિષય પરત્વે સવિનય જણાવવાનુ કે, અમરેલી જીલ્લાના બાબરા તાલુકાના કરિયાણા ગામે આવેલ કાળુભાર ડેમના કમાન્ડ એરિયામાં માધુપુર ગામ આવેલ છે. જયાં માઈક્રો એરિગેશનના પાઈલોટ પ્રોજેકટ દ્વારા ૧૦૦ ટકા માઈક્રો એરિગેશન થઈ શકે તેમ છે. ધી ગુજરાત રાજય ઉદવહન પિયત સહકારી સંઘ લિ. ગાંધીનગરને ૧૦૦ ટકા માઈક્રો એરિગેશનની કામગીરીના પાઈલોટ પ્રોજેકટની મંજુરી આપવાની વિચારણા થાય ત્યારે કાળુભાર ડેમના કમાન્ડ એરિયામાં આવેલ માધુપુર ગામમાં પાયલોટ પ્રોજેકટ મંજુરી આપવા વિનંતી છે.

## વડેરા ખાતે વાહકજન્ય રોગ સામે જાગૃતિ શરૂ થઈ



વડેરા,તા.૯

વડેરા ગામ ખાતે વાહકજન્ય રોગ જેવાં કે મેલેરિયા, ડેન્ગ્યુ અને ચિકનગુનિયા જેવાં રોગોનો ફેલાવો ના થાય તે માટે જુલાઈ માસ એટલે કે ડેન્ગ્યુ વિરોધી માસ અંતર્ગત જીલ્લા મેલેરિયા અધિકારી ડો. સિગ તાલુકા હેલ્થ ઓફીસર ડો. સિન્હા તથા પ્રા.આ. કેન્દ્ર મોટા આંકડીયાનાં મેડિકલ ઓફીસર ડો. કીર્તિ મેડમની સૂચના અનુસાર વડેરા ગામનાં ૪૫ જેટલાં ઘરોની ખુલ્લી પાણીની ટાંકી ઓમા તથા ગામના અવેડામાં ગપ્પી માછલીઓ મૂકવામાં આવેલ તથા ગ્રામજનોને વાહકજન્ય રોગો વિષે માહિતગાર કરવામાં આવેલ. આ કામગીરીને સફળ બનાવવા ગામનાં સ્થાનિક આરોગ્ય કર્મચારીઓ એસ.પી રાણવા, ડી.જી રાજયગુરૂ, કે.બી દુધાત, બીલકીસબેન ભટ્ટી તથા કાજલબેન જાદવનો સહયોગ મળેલ હતો.


### જાહેર હરરાજી

ઊના તાલુકાની શ્રી ભેભા પ્રાથમિક શાળામાં ગીર સોમનાથ જીલ્લા પ્રા.શિ.અધિકારીશ્રી ના પત્ર નં જિ.પં/જિશિસ/આયો/રૂમ ડિમો./૧૫૬૭/૨૦૨૩ તારીખઃ ૦૯/૦૮/૨૦૨૩ ના પત્ર અન્વયે શાળાના ચાર અસ્ટકોણિય રૂમોની કુલ મળી ને અપસેટ પ્રાઈઝ રૂા. ૫૪૮૨૦/- પૂરા છે. જેને પાડી નિકાલ કરવા જાહેર હરરાજી થી કાટમાળ આપવાનો છે. જેની જાહેર હરરાજી તા : ૧૨/૭/૨૦૨૪ અને શુક્રવાર ના સવારે ૧૧:૦૦ કલાકે **શ્રી ભેભા પ્રા.શાળા ના મેદાનમાં રાખેલ છે.**

હરરાજી ના દિવસે જ સવારે ૮:૦૦ થી ૧૧:૦૦ વચ્ચે ડીપોઝીટ અષ્ટકોણીયના કુલ ૫૦૦૦/- અંકે રૂપિયા પાંચ હજાર પુરા જમા કરાવનાર વ્યક્તિ જ હરરાજી માં ભાગ લઈ શકશે. ભાગ લેનારે પોતાનું ઓરીજનલ આધારકાર્ડ અને તેની ઝેરોક્ષ સાથે ફરજીયાત લાવવી, અન્યથા હરરાજી મા ભાગ લેવા દેવા માં નહી આવે. હરરાજીની અન્ય શરતો સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે.

આચાર્યશ્રી
ભેભા પ્રા.શાળા

આચાર્ય,
શ્રી ભેભા પ્રાથમિક શાળા
તા. ઉના, જિ. ગીર સોમનાથ


### જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા

## અમરેલી જિલ્લાનાં ગ્રામ્ય વિસ્તારોમાં ૧૫ જુલાઈથી સર્વ રોગ નિદાન કેમ્પ યોજાશે

### ચિતલ, વાંકીયા, દેવગામ સહિતનાં ગામોમાં કેમ્પ યોજાશે

અમરેલી, તા.૯

વિશ્વમાં મોટા મોટી આરોગ્યલક્ષી આયુષ્યમાન ભારત યોજના તથા અન્ય વિવિધ યોજનાઓ અંતર્ગત '' સર્વરોગ નિદાન કેમ્પ''નું આયોજન નીચે આપેલા ગામોમાં અને સ્થળે આગામી ૧૫ જુલાઈનાં રોજ કરવામાં આવેલ છે. જેમાં મોટા આંકડીયા, ચિતલ, કેરીયાનાગરસ, વાંકિયા, દેવગામ, મોટી કુંકાવાવ, વડીયા, ડેડાણ, ખાંભા, મોટા સમઢીયાળા, દલખાણીયા, ધારગણી, ધારી, સરસીયા, નાગેશ્રી, ટીંબી, હામાપર, જુનાવાઘણીયા, મોટા દેવળીયા, કરીયાળા, કોટડાપીઠા, ભેરાઈ, ચાંચ, ડુંગર, કોટડી, આંબરડી, ચાવંડ, મતીરાળા, ક્રાંકચ, મોટા લીલીયા , ગાધકડા, મોટા ઝીંઝુડા, વંડા, વિજપડી જેવા ગામોમાં આયોજન કરવામાં આવશે.

આ ''સર્વરોગ નિદાન કેમ્પ'' માં વિવિધ રોગાના નિવારણ માટે સ્થળ ઉપર જ નિઃશુલ્ક નિદાન તેમજ સારવાર કરવામાં આવશે. તેમજ જરૂરી દસ્તાવેજો સાથે હાજર રહેનાર લાભાર્થીને આયુષ્યમાન કાર્ડ, આભા કાર્ડ અને આધાર કાર્ડ સ્થળ ઉપર જ કાઢવામાં આવશે. આ ઉપરાંત અને.સી.ડી. પ્રોગ્રામ અંતર્ગત તપાસ અને સારવાર , ટીંબી સ્ક્રીનીંગ, કુટુંબકલ્યાણ કાર્યક્રમ અંતર્ગત સલાહ તેમજ મેલેરીયા, ડેન્ગ્યુ, ચિકનગુનીયા રોગ અટકાયતી તાપસ અને સારવાર પુરી પાડવા અને આયુષ ડોકટરઓ પણ ઉપસ્થિત રહીને ઉકાળા તથા આયુર્વેદ દવાઓનુ વિતરણ કરવામાં આવશે. જેથી વિવિધ રોગોનાં લાભાર્થીઓએ આ કેમ્પનો લાભ લેવા માન, જિલ્લા વિકાસ અધિકારી અને જિલ્લા આરોગ્ય અધિકારીની યાદીમાં જણાવવામાં આવે છે. આ કાર્યક્રમમાં સંસદ, ધારાસભ્ય, જિલ્લા પંચાયત સદસ્ય સરપંચ અન્યમહાનુભવો ઉપસ્થિત રહેશે. તેમ એક યાદીમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવેલ છે.

### પાણી પહેલા પાળ બાંધવા પુર્વ સાંસદની રજૂઆત

## અમરેલી જીલ્લાનાં ખેડુતોને પૂરતું ખાતર મળે તેનું આયોજન કરો

### ઈફકોના ચેરમેનને રજૂઆત કરાઈ

અમરેલી, તા. ૯

જીલ્લામાં ખેડૂતો દ્વારા વાવણી થઈ હોય ત્યારે આવનારા સમયમાં ખેડૂતોને સમયસર ઉરીયા અને ડીએપી ખાતર મળી રહે તે હેતુથી અમરેલીના પૂર્વ સાસંદ નારણભાઈ કાછડીયાએ ગુજરાત સરકારના કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલ અને ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીને પત્ર પાઠવી આગોતરા આયોજન અને કોઈપણ પ્રકારની ખાતરની ઘટના પડે તે માટે રજૂઆત કરેલ છે.

પૂર્વ સાંસદે સાથોસાથ જીલ્લાના ખેડૂતોને જાણ કરેલ છે કે, આપણે વધારેમાં વધારે નૈનો ઉરીયા ખાતરનો વપરાશ કરતા થઈએ અને નૈનો ઉરિયા ખાતર ઓછા ખર્ચે વધુ ઉત્પાદન આવે તે માટે જીલ્લાના ખેડૂતો મિત્રોને જાગૃત થવા માટે અપીલ કરેલ છે. ઉપરાંત રાસાયણીક ખાતર તેમજ પેસ્ટીસાઈટનો ઉપયોગ ઓછામાં ઓછો થાય તેની કાળજી રાખવી. આવનારા સમય સાથે તાલથી તાલ મીલાવી ઓર્ગેનક ખેતી તરફ આગળ વધવુએ સમયની માંગ છે. અને એ આજે નહી તો કાલ દરેક ખેડૂત મિત્રોએ અપનાવવું જ પડશે. તેથી તે દિશામાં પણ ખેડૂતોએ ગંભીરતાથી વિચારવું જોઈએ. અને બદલાતા સમય સાથે - બદલતી ટેકનોલોજી સાથે ખેડૂતોએ ખેતી કરવી જોઈએ. વર્તમાનમાં દેશના વડાપ્રધા ન નરેન્દ્રભાઈ મોદીના વિઝન અને રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના મિશન 'એક પેડ મા કે નામ' અભિયાન અંતર્ગત સૌએ ઓછામાં ઓછું એક વૃક્ષ વાવી તેને ઉછેરવા જોઈએ. ખેડૂત મિત્રોએ તો જો તેમના ખેતરના શેઢ પાળ અથવા ફાલતુ જમીન પડી રહેતી હોય તો તેમા વૃક્ષો વાવવા જોઈએ, દેશી કુળના વૃક્ષો તમોને ચોકકસ બચવશે. તો એક પેડ મા કે નામ, એક પેડ માતૃભુમિ કે નામ અંતર્ગત સૌ કોઈ વૃક્ષો વાવે તેવી પૂર્વ સાંસદ કાછડીયાએ સૌ લોકોને અને ખેડૂતોને અપીલ છે.

# સાવરકુંડલાની નાવલી નદીમાં 'ચાય પે ચર્ચા' કરતા સાંસદ સુતરીયા



અમરેલી જિલ્લામાં લોકસભાની ચૂંટણીમાં ભવ્ય લીડ સાથે વિજેતા બનેલા સાંસદ ભરતભાઈ સુતરીયા આજે સાવરકુંડલાના આંગણે પધારતા સાવરકુંડલા સુન્ની મુસ્લિમ સમાજ સહિતના મિત્ર વર્તુળ ોએ સાંસદ ભરતભાઈ સુતરીયાનું અદકેઢં સન્માન કર્યું હતું સ્વભાવે સરળ અને સાદગીનો સમનવય એટલે ભરત સુતરીયાએ સાબિત કરી દીધું કે સાંસદ હોવા છતાં લોકોના હ્રદયમાં સ્થાન અંકિત કરી ચૂકેલા ભરત સુતરીયાએ ફૂલહાર કે મોમેંન્ટો કરતા લાગણીના ભૂખ્યા હોવાની સ્પષ્ટ પ્રતીતિ જોવા મળી હતી ને એક સામાન્ય ભાજપના કાર્યકર્તાઓ બનીને સેવાના મળેલા અવસર સમાનના સાંસદના પદને શોભે તેવી સ્પષ્ટ વિચાર શ્રેણી અને માત્ર અમરેલી જિલ્લાનો વિકાસ એક જ લક્ષ સાથે દરેક સમાજને સાથે રાખીને ચાલવાની કુનેહ ધરાવતા સાંસદ ભરતભાઈ સુતરીયાએ નાવલી નદી ખાતે ચાય પે ચર્ચાઓ કરીને જિલ્લાના વિકાસ માટે જરૂરી સૂચનો પણ આવકાર્ય ગણ્યા હતા.

સાવરકુંડલા સુન્ની મુસ્લિમ જમાતના પ્રમુખ વાસુભાઈ મલેક, સુન્ની મુસ્લિમ જમાતના પૂર્વ પ્રમુખ ઈરફાન કુરેશી, ઓસાભાઈ પઠાણ, અલીભાઈ ઝાંખરા, અજીતભાઈ જોખીયા, કોળી સમાજના પ્રમુખ બટુકભાઈ ઉનાવા, યુસુફભાઈ કુરેશી, રફિકભાઈ કુરેશી, રફીકભાઈ મોમીન સાથે એડવોકેટ નેશાદ કાદરી સહિતના અગ્રણીઓએ સાંસદ ભરતભાઈ સુતરીયા નું સન્માન કર્યું હતું ને સાદગી અને સરળતાના સમન્વય સમાન સાંસદ સુતરીયા સમાજના અગ્રણીઓ સાથે વાર્તાલાપ સાથે જિલ્લામાં વિકાસ અંગેની ચર્ચા વિચારણા કરી હતી.




## એમ.ડી. ફિઝિશ્યન ડો. જાગૃત્તિ ચાંડપા અને તેમની સમગ્ર ટીમે જબરદસ્ત રીતે સારવાર કરી

# અમરેલીનાં શિક્ષણવિદ્‌ને ‘‘રાધિકા હોસ્પિટલ’’માં નવજીવન પ્રાપ્ત થયું

**નિત્યમ શૈક્ષણિક સંકુલનાં સ્થાપક હસમુખ પટેલનું બ્લડપ્રેશર અચાનક ૨૦૦ સુધી પહોંચી ગયું**

**રજાનો દિવસ એટલે રવિવાર અને તે દિવસે હોસ્પિટલ પહોંચ્યા અને યુધ્ધનાં ધોરણે સારવાર શરૂ થઈ**

**રાહતદરે સારવાર આપતી ટ્રસ્ટ સંચાલિત હોસ્પિટલનાં સંચાલકથી લઈને વર્ગ-૪નાં કર્મચારીઓની સુંદર કામગીરી**

**ડો. અર્પણ જાની એટલે મેનેજમેન્ટ માટે તેનું જાહેરમાં સન્માન કરવું પડે તેવી કાબેલિયત**




અમરેલી, તા. ૯

અમરેલીમાં નિત્યમ શૈક્ષણિક સંકુલની સ્થાપના કરનાર હસમુખ પટેલે તેમની રાધિકા મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલમાં થયેલ સારવાર અંગે જણાવ્યું કે, અમરેલીની અજાયબી કહેવામાં અતિશયોકિત નથી એવી અમરેલીની મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ રાધિકા હોસ્પિટલનો મારો જાતઅનુભવછેઅનેઅનુભવશેર કરવો મનેજરૂરીલાગ્યોએટલેઆપોસ્ટલખી છે. ખરાબને ખરાબ કહેવાની હિંમત આપણીહોયકેનહોયપણસારાનેસારૂં કહેવાની ફરજ છે અને જવાબદારી છે એવું મારૂં માનવું છે.

શનિવારે મને અચાનક પેટમાં દુઃખાવો થયો. પેટમાં દુઃખાવો કંઈક વિચિત્ર હતો એટલે મેં તત્કાલ દવાખાને જવાનું છે તેમ છતાં બે ત્રણ નુસખા કરીએ અને અંતે ગાડીમાં બેસી છોકરો ગાડી હાંકતો હતો મને કે કંઈ હોસ્પિટલ જવું છે. મેં કીધું ગોળ હોસ્પિટલજવાદે, થોડુંકએનેએમથયું

**અનુસંધાન પાના ૬ ઉપર**

### શાળા અને હોસ્ટેલ સંચાલકની જોહુકમી

## રાજુલાની કાન્હા સ્કૂલનાં વિદ્યાર્થીને નચિકેતા હોસ્ટેલમાં માર મારવામાં આવ્યો

**વિદ્યાર્થીનાં પિતા રજૂઆત કરવા જતાં તેને પણ હડધૂત કર્યા**

અમરેલી, તા. ૯

ખાંભાતાલુકાનાસરાકડીયા ગામેરહેતારાજુભાઈ ગોવિંદભાઈ રાઠોડ નામનાં ૪૨ વર્ષિય યુવકનો દિકરો શ્યામ રાજુલા કાન્હા સ્કુલમાં અભ્યાસ કરતો

**અનુસંધાન પાના ૬ ઉપર**

### મહિલાને પરબવાવડી ગામે રમકડા વેચવા કેમ ન આવી તેમ કહેતા

## બગસરા પંથકમાં રમકડા વેચવાનો વ્યવસાય કરનાર ઉપર બે મહિલા સહિત 3 વ્યકિતનો હુમલો

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી ધોરણસર કાર્યવાહી કરી**

અમરેલી, તા. ૯

બગસરામાં રહેતા ભીમાભાઈ ખીમાભાઈ વાઘેલા પરબ વાવડી ગામે રમકડા વેચવા ગયેલ હોય. ત્યારે બગસરા ગામે રહેતા મીનાબેન

**અનુસંધાન પાના ૬ ઉપર**

### માર્કેટયાર્ડના પૂર્વ ચેરમેન પી.પી. સોજીત્રાએ એક કરોડ રૂપિયા બેન્કમાં જમા કરાવતા તેમના વ્યાજમાંથી

## અમરેલીનાં ગરીબ પરિવારનાં વિદ્યાર્થીઓનો શિક્ષણ માટે પી.પી. સોજીત્રા ફાઉન્ડેશનનો દબદબાભેર પ્રારંભ

**ડો. કાનાબાર સહિતનાં આગેવાનોની ટ્રસ્ટી તરીકે વરણી કરાઈ**





અમરેલી, તા. ૯

ગત વર્ષે તા. ૨૯/૯/૨૦૨ ઉનાં રોજ ડો. કાનાબાર અને મિત્રો દ્વારા પી.પી.સોજીત્રાના જન્મદિવસની ખૂબ ઉજવણી કડવા પટેલ સમાજ વાડી હનુમાનપરા ખાતે કરવામાં આવેલ હતી. આ સમયે પી.પી.સોજીત્રા દ્વારા સન્માનનાં પ્રત્યુત્તરમાં જણાવેલ હતું કે, હું હોઉ કે ન હોઉ પરંતુ, અમરેલીનાં વિદ્યાર્થીઓને શિક્ષણક્ષેત્રે હંમેશા મદદરૂપ થઈ જેના હું પી.પી.સોજીત્રા ફાઉન્ડેશન ટ્રસ્ટની રચના કરીશ. જે રજી.નં : ઈ/૨૫૩૪/અમરેલી તા. ૫/૧૨/૨૦૨૩ થી નોંધણી થઈ ગયેલ છે. જેમાં રૂા. ૧,૦૦,૦૦,૦૦૦ (અંકે રૂા. એક કરોડ) દાનની રકમ બેંકમાં જમા કરાવી તેનાં વ્યાજની કે અન્ય ઈન્કમથી દર વર્ષે જે આવક થશે તે

**અનુસંધાન પાના ૬ ઉપર**




### અમરેલી જિલ્લામાં અનેક સ્થળોએ હળવાથી ભારે વરસાદ

## ભૈ વાહ : બાબરા પંથકમાં બપોર બાદ સાર્વત્રિક અર્ધાથી ૧ ઈંચ વરસાદ પડતા મુરઝાતી મોલાતને ફાયદો

**જગતાત ગણતા ખેડૂતોમાં હાશકારાની લાગણી ઉભી થઈ**

બાબરા, તા. ૯

બાબરામાં સવારથી મેઘાવી માહોલ છવાયો હતો. આકાશમાં કાળા ડિબાંગ વાદળ ઘેરાયેલાં હતા. પણ મેઘરાજા મન મૂકી વરસતા ન હતા. આજે બપોર બાદ મેઘરાજાનું એક અઠવાડિયા બાદ આગમન થતા બાબરામાં અડધો ઈંચ

**અનુસંધાન પાના ૬ ઉપર**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI.(Gujarat)